# પાટણ પ્રતિબિંબ

વર્ષ ૭ • અંક ૧૨ • સળંગ અંક ૮૩ • મુંબઈ • ઓક્ટોબર ૨૦૧૩ • પાના ૧૬ • છૂટક નકલ રૂા. ૨/–

• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર



ટેલિફોન : 2281 1346 • ટેલિફેક્સ : 22811218 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com


## પ્રમુખસ્થાનેથી...

**સ્નેહી સ્વજન,**
**જય જિનેન્દ્ર !**

***શ્વાસની લિસ્સી રેશમ દોરી ખેંચી લઈએ કેમ કરીને !***
***પતંગિયાને અડધુ પડધું વહેંચી લઈએ કેમ કરીને !***
***અડધા પડધા આસું ઉપર અડધુ પડધુ હસવું છાંટી–***
***જીવતર જેવી ઘટના આખી સીંચી લઈએ કેમ કરીને !***

તમારા સાચા વ્યકિતત્વનો વિકાસ થવાની શરૂઆત ત્યારે જ થશે કે જયારે તમે ઉંડા અંતઃજ્ઞાન દ્વારા એવું અનુભવવા શકિતમાન થશો કે તમે સ્થૂળ શરીર નથી પરંતુ તમે જીવનના શાશ્વત પ્રવાહ અને ચેતના છો. બધા બિનઉપયોગી વિચારો, ભૂતકાળના દુઃખો અને કુટેવોને પાછળ છોડી દો, નવુ જીવન શરૂ કરો.

**દિવ્ય પ્રકાશ :**

તટસ્થ મનથી પોતાની જાતનું પૃથ્થકકરણ કરવાનું પ્રત્યેક વ્યકિતએ શીખવું જોઈએ. ઘણી વ્યકિતઓ પોતાની ભૂલને જોતા નથી માટે તેઓ બદલાતા નથી. પોતાની ભૂલને હંમેશ દરગુજર કરનાર બીજાને માટે કઠોરતાથી અભિપ્રાય બાંધે છે. અન્યથા બીજાની ખામીઓને માફ કરી આપણી પોતાની ખામીઓને કઠોરતાથી તપાસી આપણી વર્તણૂક બદલવાનો પ્રયત્ન કરવો જોઈએ. જીવનની પ્રત્યેક ક્ષણ અનેક સંભાવનાઓથી ભરેલી છે અને બહુધા સ્વપ્નથી અને સમર્પિત કાર્યથી જ તે પ્રાપ્ત કરી શકાય. માનવી પોતાની ખામીઓનો લાભ મેળવી શકે એટલું લાંબુ જીવતો નથી. જગતની અભરાઈ ઉપર ઈશ્વર ઉપયોગી સંદર્ભ ગ્રંથ જેવો છે. જે હંમેશા હાથવગો હોય છે, પણ આપણે ભાગ્યે જ તેને ઉઘાડીએ છીએ. આ જગતમાં આ જીવનમાં પણ જે કાંઈ છે તે દિવ્ય છે. બધામાં વિચરતી છાયા છે, બધુ તેનું જ રૂપ છે. પણ આપણે ચૂપ નથી, આથી તેને સાંભળી શકતા નથી.

**પરિવાર પરિચય - ૨૦૧૩ વસતીપત્રક બાબતે વિશેષ :**

૨જી ઓકટોબર, ગાંધી જયંતીના રોજ વિમોચન કરાયેલ સાતમા વસતીપત્રકને ચોતરફથી અભૂતપૂર્વ આવકાર પ્રાપ્ત થયો છે. સમાજના સૌકોઈ તેની પાછળ લીધેલ જહેમતને બિરદાવી રહ્યા છે. છેલ્લા ૬ વસતિપત્રક પ્રકાશનના અનુભવનો નિચોડ જ નહિ તેથી કંઈક વિશેષ આ નૂતન વસતિપત્રકમાં નજરે ચડે છે. આપણા સૌના ઘરોની શોભામાં અભિવૃદ્ધિ કરે તેવા આ અનેરા વસતિપત્રકના પ્રકાશન માટે સહાયભુત થનાર દાતા પરિવારો તથા જાહેરખબર આપનાર સદગ્રહસ્થો તેમજ સાથી કાર્યકર્તાઓના અમુલ્ય યોગદાન અને અનન્ય મહેનતનું આ પરિણામ છે. તેમાંય મારા સાથી ઉપપ્રમુખો **શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહ, શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહ** અને **શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ** (ગુંદરવાલા)ના આ ભગિરથ કાર્ય પાછળ આવડત, અનુભવ ને સમર્પિતતાને કારણે આવા માહિતિ સભર પરિવાર પરિચય ગ્રંથ રૂપી વસતિપત્રકનું અનોખું નિર્માણ શકય બન્યું છે. તે માટે ઉકત સર્વેને ધન્યવાદ.

નવા વસતિપત્રકમાં આપેલ માહિતિનો વિગતવાર અભ્યાસ કરતાં જણાશે કે હવે આપણો સમાજ ૧૦૦ ટકા સાક્ષર થયો છે. શિક્ષણ

**પરિવાર પરિચય ૨૦૧૩**

**શ્રી પાટણ જૈન મંડળ દ્વારા તાજેતરમાં પ્રકાશિત થયેલ સમાજના પરિવારોનું માહિતીસભર વસતીપત્રક ભારતમાં અને પરદેશમાં દરેક પરિવારને સરળતાથી મળી રહે તે માટે કરેલ ગોઠવણ અંગેની વિગત** **પાના નં. ૨ અને પાના નં. ૯ જુઓ**

પૂર્ણ કરેલ વ્યક્તિઓમાં હાલ ૫૦ ટકા થી વધુ સ્નાતક (ગ્રેજ્યુએટ) છે, તેને શિક્ષણ ચાલુ હોય તેવા વિદ્યાર્થીઓની સાથે સરખાવવામાં આવે તો ચોક્કસ પણે કહી શકાય કે વર્ષ ૨૦૨૫ સુધીમાં ૨૦-૨૨ વર્ષથી વધુ વયના પટ્ટણીઓ ઓછામાં ઓછા ગ્રેજ્યુએટ તો હશે જ. હકીકતમાં સતત બદલાતા જતા વર્તમાન યુગની આ વણકહી આવશ્યકતા છે, જેના પરિણામે સમાજ શિક્ષિત અને વિકસીત બની શકે. આપણા સમાજમાં પુરૂષો કરતાં મહિલાઓની સંખ્યા સવિશેષ અને નોંધપાત્ર છે જે પ્રગતિશિલ અને આધુનિક સમાજને અનુરૂપ છે. મંડળના આધસ્થાપકોનો સ્થાપના વખતે મુખ્ય આશય અને ઉદેશ હતો કે સમાજને શિક્ષણ દ્વારા સાક્ષર બનાવી પ્રગતિશિલ અને સમૃધ્ધ બનાવવો, તે પરિપૂર્ણ થઈ રહ્યો છે. તેનો આપણને સૌને અત્યંત ગર્વ અને ગૌરવ છે. ૧૦૧ વર્ષથી ક્રિયાશીલ અને સમર્પિત આપણી સંસ્થાના ઉત્સાહી કાર્યકરો મંડળને ભવિષ્યમાં વધુ ઊંચાઈએ પ્રસ્થાપિત કરશે અને પ્રગતિના ધણા નવા સોપાનો અંકે કરશે તે નિ:શંક છે.

## દાનગંગાનો પ્રવાહ :

સંસ્થા દ્વારા અસ્તિત્વમાં આવેલ રીવોલ્વીંગ ફંડ અંતર્ગત કુંભારીયા પાડાના **શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ** તરફથી રૂા.૫,૦૦,૦૦૦/- પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત **શ્રી રમણલાલ શાહ હાર્ટ કેર રીલીફ ફંડ અંતર્ગત શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કું.) ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા રૂા.૩,૦૦,૦૦૦/- ની સખાવત મળેલ છે. આ ઉપરાંત **કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ, રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કું.) રીલીજીયસ ટ્રસ્ટ, કે.સેવંતીલાલ એન્ડ કું. તથા મે. મિલન જવેલર્સ** પ્રત્યેક દ્વારા રૂા.૧,૦૦,૦૦૦/- શ્રી સિધ્ધહેમ જ્ઞાનપીઠ (પાટણ)ના વિકાસાર્થે સંસ્થાને દાનરૂપે પ્રાપ્ત થયેલ છે. સંસ્થા આ દાતાઓની સાભાર અનુમોદના વ્યકત કરે છે.

## જીવન સૌરભ : મ્યુઝીકલ હાઉસી :

**શ્રી પાટણ જૈન મંડળ**, જીવન સૌરભ સમિતિ આયોજીત અને **શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર મણીલાલ ઝવેરી (સાયબા)** સાંસ્કૃતિક નિધિ પ્રેરીત મ્યુઝીકલ હાઉસી (તંબોલા સર્કસ)નો મનભાવન કાર્યક્રમ અનેરા ઉત્સાહથી સંપન્ન થયો.

જીવન સૌરભના મંત્રીઓ **શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ તથા શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહ**, સમિતિના સભ્યો અને પ્રત્યક્ષ તથા પરોક્ષ રીતે મદદગાર થયેલ સર્વેને કાર્યક્રમની સફળતા બદલ હાર્દિક અભિનંદન.

**પાયલ કેટરર્સવાળા શ્રી કાંતીભાઈ** દ્વારા સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ભોજન પીરસવામાં આવ્યું હતું. એક લાંબા સમયગાળા બાદ એક ઉત્કૃષ્ટ કાર્યક્રમ વ્યવસ્થિત રીતે ગોઠવવા મંત્રીઓએ લીધેલ જહેમત નજરે પડતી હતી. વરિષ્ઠ સભ્યોના વદન પર સંતોષની અનુભુતિ સ્પષ્ટ જણાતી હતી. પ્રોગ્રામ સમિતિ સાથે મળી જીવન સૌરભ આવા ઉત્કૃષ્ટ કાર્યક્રમ ફરી ફરીને આપે તેવી ઈચ્છા વરિષ્ઠ સભ્યોએ પ્રદર્શિત કરી હતી.

## નૂતન વર્ષ સ્નેહ સંમેલન :

**શ્રી પાટણ જૈન મંડળ, પ્રોગ્રામ સમિતિ આયોજીત શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ)** પરિવાર પ્રેરીત નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું મરીન ડ્રાઈવ ખાતે શ્રી નિકેતન વાટિકા-ગાર્ડન મધ્યે શનિવાર, તા.૯-૧૧-૨૦૧૩ ના રોજ આયોજન કરવામાં આવ્યું છે. દાતા પરિવારના **શ્રી સુનીલભાઈ ગુણવંતલાલ શાહ** તથા **પ્રોગ્રામ સમિતિના મંત્રીઓને** કાર્યક્રમની સફળતા માટે હાર્દિક શુભેચ્છા આપ સૌ મહાનુભાવોને મારી નમ્ર વિનંતી છે કે, ગમતાનો ગુલાલ કરવા આબાલ વૃધ્ધ સૌ એકમેકને મળી નૂતન વર્ષની શુભેચ્છા પાઠવીએ. નૂતન વર્ષ સૌને સુખ અને સમૃધ્ધિ આપનાર નીવડે એ જ શુભેચ્છા !

પૂર્વધારણા વગરની વ્યકિત માટે કોઈ માર્ગ મુશ્કેલ નથી હોતો. કોઈપણ વ્યકિતની ઈચ્છા અને અનિચ્છા એ માત્ર મનનો રોગ છે. અતિરેકમાં અટવાયા કરવાથી અખિલાઈને જાણી શકાશે નહિ. સંદેહ કે વિવાદમાં સમય બગાડવો સર્વથા વ્યર્થ છે. ભૂતકાળનો પસ્તાવો કે ભવિષ્યની ચિંતા કર્યા વગર વર્તમાનમાં કર્તવ્ય કર્મ કરવું આવશ્યક છે. જે અહીંથી મેળવ્યું છે, તે અહીં જ આપવાનું છે. જે આજે તમારૂ છે, તે ગઈકાલે કોઈ બીજાનું હતું અને આવતી કાલે કોઈ બીજાનું થશે. આત્મા ન તો મરે છે ન તો જન્મે છે. તે અમર છે. વ્યર્થ ચિંતા છોડી ફળની આશા વગર સત્કાર્ય કરતાં રહો અદ્દભુત શાંતિ પ્રાપ્ત થશે. આભાર... !

**પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી**
**શ્રી પાટણ જૈન મંડળ**

### For attention of NRI Pattanis

7th Edition of **Parivar Parichay 2013 Vastipatrak** can now be sent to USA, UK & all other countries by Courier.

***The Cost with Courier charges for USA will be 50 USD.***

**Essential Details for SWIFT/ WIRE transfer remittance to INDIA in US DOLLARS.**

Please remit the proceeds to Bank of Baroda, New York, USA, SWIFT: BARBUS33XXX, Rourting NO. 026-005-322, A/c No. 93010200000070 for credit to Bank of Baroda, Gamdevi Branch, SWIFT: BARBINBBGAM for further credit to A/c No. 04050100000581 of "SHREE PATAN JAIN MANDAL" with Marine Drive Branch.

**Please email to patanmandal@gmail.com for other countries remittance details.**

## તંત્રીસ્થાનેથી...

# હું માનવી માનવ થાઉં તો ઘણું !

*કાલે કોઈ ડાળ તૂટી છે, ચાલ ઝાડની ખબર કાઢવા!*
*એક કુહાડી કયાંક ઉઠી છે, ચાલ ઝાડની ખબર કાઢવા!*
*પાનખરે ને પંખીઓએ, ઝાડને હિંમત આપી'તી-*
*એ પંખીઓની હામ ખૂટી છે, ચાલ ઝાડની ખબર કાઢવા.*
*ઝાડ કુહાડીને લાયક હોય તો, માણસ શેને લાયક ?*
*તરણાઓમાં વાત ફૂટી છે, ચાલ ઝાડની ખબર કાઢવા.*

**☐ મુકેશ જોશી**

જીવનની પ્રત્યેક ક્ષણ ચિરંતન છે - સનાતન છે. માનવ જીવન તો એક વહેતી અને સરતી સરિતા છે. તેનું પ્રત્યેક કાર્ય, ભાવ અને વિચાર શાશ્વતીનો તરંગ જ છે. સમગ્ર સૃષ્ટિના બાગ-બગીચાના, નદી નાળાના સર્જનહાર ઈશ્વર જ છે. બધા જ પોતપોતાનું કાર્ય કરે છે. ફરજ નિભાવે છે. માત્ર એક માણસ જ નોખો અને અનોખો છે. તેનું સર્જન પણ ઈશ્વરે જ કર્યુ છે ને ! કર્મ અને કાર્યક્ષેત્રે તેની જીવન પ્રણાલી ભિન્ન અને વિભિન્ન રહી છે. તેનામાં કૃતઘ્નતા અને કૃતજ્ઞતા સ્વભાવગત અને વ્યકિતગત હોય છે. ટહુકતી કોયલના સૂર કંઈ અમસ્તા નથી ખોવાતા.

જે વ્યકિત પોતાનું એકાંત માણી શકતી નથી તે અન્યોના એકાંતમાં દખલ અંદાજી કરે છે. જો માનવીની શ્રધ્ધાનો દીપ પ્રખરપણે ઝળહળતો હશે તો બીજાઓ પણ તેમાંથી પોતાનો દીપ પ્રજ્વલિત કરવાના પ્રયત્નો કરશે. વ્યકિતના સાચા વ્યકિતત્વનો વિકાસ થવાની શરૂઆત ત્યારે જ થાય જયારે ઉંડા આંતરજ્ઞાન દ્વારા સમજે કે ખુદ જ જીવનનો શાશ્વત પ્રવાહ અને ચેતના છે. અતિરેકમાં અટવાયેલ માનવી અખિલાઈને જાણી કે માણી શકતો નથી. આશા, ઉત્સાહ અને ગતિનું નામ જ જીવન છે. કાર્યકરતા પહેલા વિચારે તે બુધ્ધિપ્રભા, કાર્ય કરતી વખતે વિચારે તે સતર્કતા અને કર્યા પછી વિચારે તે મૂર્ખતા.

બુધ્ધિથી અનંતને હૃદયમાં પુરવાના અને અમાપને માપવાના અશકય એવા ભગિરથ પ્રયત્નમાં પડવાથી માણસો પંથો પાડે છે અને ઈશ્વરને નામે ધિકકાર ફેલાવે છે. જયાં સુધી માણસ ભકિતભરી શાંતિ સાચવી મૌન રાખી ઈશ્વરનું ધ્યાન ધરી સાચુ તત્વ સમજશે નહીં ત્યાં સુધી વાદ-વિવાદ અને ઘર્ષણ અટકશે નહીં. માનવ સંબંધના આધ્યાત્મિક પાયાનું ઉદાહરણ પ્રેમમાં છે. જીવનમાં પ્રેરણા લાવે અને તેને ઉદાર બનાવે એવો સર્જનાત્મક પ્રેમભાવનો પાયો આધ્યાત્મિક છે.

તુંડે તુંડે મિતિરભિન્નાની ઉકિતને ખ્યાલમાં રાખીએ તો જણાશે કે માનવી એક સામાજિક પ્રાણી હોવા છતાં પ્રત્યેકની વિચારધારા અને કાર્યકારિણી એકમેકથી કયારેય મળતી નથી. સારા નરસા માનવીઓ તેમની બુધ્ધિપ્રતિભા, સમય, સંજોગ અને તેમની સાથે વસતી અને વિહરતી વ્યકિતઓના પ્રભાવ પર પણ અવલંબિત રહે છે. કયારેકને કયારેકતો ઈશ્વર કે પ્રવૃત્તિનો આવેશ માનવીના ક્ષણભંગુર અસ્તિત્વને ઉઘાડો પાડે જ છે. ખોટો અને વ્યર્થ અહંકાર એને ઘડીભરમાં તુચ્છ બનાવી મૂકે છે અને અંતે તેમની પાસે પસ્તાવા અને લાચારી સિવાય કંઈ જ બચતું નથી. ભાગ્યે કે દુર્ભાગ્યે તેના જીવનકવન પર કુદરતી કે ઈશ્વરીય અસર અંકિત થઈ જ જાય છે. ઈચ્છા, આવેગ અને દંભ તેનો પીછો છોડતો નથી.

માનવીના જીવનમાં એક પ્રચંડ નિષ્ઠા અને શોધ અતિ આવશ્યક છે તે વિના ધૂળ પરનું લીંપણ લાંબુ ટકી શકે નહીં. ચારિત્રનું શિક્ષણ ગળથૂંથીમાંથી અને સદ્દવિચારના દર્શનમાંથી પ્રાપ્ત થાય છે. હૈયામાં ઉદ્દભવેલ ઊંડી લગન, પ્રવૃત્તિ, પધ્ધતિ અને પ્રક્રિયા એ જ સત્ય અને સત્વ બની શકે. જીવનનું મધ્યબિંદુ વિસ્મય, માનવતા, જીવદયા અને સત્કર્મને બનાવી શકાય. અખંડ જીવનયાત્રાને ખંડમાં વિભાજિત કેવી રીતે કરાય ? કોઈપણ પ્રકારના બદલાની અપેક્ષા વગર અન્યોને નિર્પેક્ષ સહાયભુત ચોકકસપણે થઈ શકાય. અન્યથા માણસે પોતાની જાતને સંભાળવી જોઈએ. બીજાઓની સંભાળ લેવા ઈશ્વર સમર્થ અને સર્વ શકિતમાન છે.

અવકાશની દિશામાં ગતિ કરતા માનવીએ સમય અને અવકાશને પોતાની સામે ટૂંકાવી દીધો છે, છતાં તેને પોતાની સામે જ શાંતિ નથી. તે સંઘર્ષ અને તણાવોમાં જીવે છે, પોતાની અંદરની વિસંગતિઓને કારણે તે વિષાદમય બન્યો છે. આપણી પાસે માનવનું ફળ છે, પરંતુ માનવતાનું સત્વ, માનવીયતાનો ગર્ભ હજુ પરિપકવ થયો નથી. આ માનવપશુમાંથી સમગ્ર સ્વરૂપે વિકસિત માનવ હજી જન્મવાનો બાકી છે.

કહેવાનું તાત્પર્ય બહુ જ સરળ છે. ઈશ્વરની બનાવેલ પ્રત્યેક જીવસૃષ્ટિ ફળ, ફુલ, પાન, ઝાડ, પંખી, નદી, સરોવર, બાગ-બગીચા માનવીને કંઈકને કંઈક આપી કે શીખવી જાય છે. કવિની કલ્પના માર્મિક છે. વગર વાંકે માનવી વૃક્ષની ડાળને કુહાડીથી કાપી નાખે છે. કવિનો પ્રશ્ન હૈયા સોંસરવો ઉતરી જાય છે. જો ડાળના નસીબમાં કુહાડી હોય તો આજનો માનવી શેને લાયક છે ? જૂજ શબ્દોમાં ઘણું બધુ કહેવાઈ ગયું છે અને આપણે તો સમજુ છીએ, કરવાની વાત તો પછી, આ દિશામાં વિચારી તો ચોકકસ શકીએને ?

**☐ સંપાદક સમિતિ**

# WHY WE DON'T KNOW HOW TO LIVE

BY SWAMI BRAHMDEV

Life is to live and to live in peace and harmony. And without enlightenment, you cannot really live. The essence of enlightenment is that it will make you aware, make you conscious and you will know what you exist for — to live with consciousness. The essence of enlightenment is that you will know how to play the game of life well and effortlessly.

Effort is very important to reach a state of effortlessness. Till you are not able to discover that state of effortlessness, effort should be put in spontaneously. Look around nature and you will find effort happening spontaneously and harmoniously, it is intrinsic to nature.

Animals know how to live; they live perfectly; all the trees know how to live, they live perfectly. Their effort is spontaneous. We human beings have some problem… we do not know how to live. We are constantly making effort, effort, effort… And things only get worse, worse and worse. The more you make an effort for peace, for love, harmony, for anything, the more you end up confusing yourself, and complicating your life.

Now let me tell you a secret, a very big secret of nature: nobody knows in the beginning how to drive the cycle, but when you have a very strong aspiration or desire or a need to drive a bicycle, then you start making an effort to learn it. And when you are learning, with a learning attitude how to drive a bike, you make many mistakes. But you are making an effort to learn, so you do not stop!

Life is like that! Make your effort! Don't bother if your efforts are right or wrong. But your intentions should be clear, that you are making an effort to learn how to drive. And one day, after making so many mistakes, one day you will start driving very correctly, very beautifully.

Till we don't know how to live life, we, with our limited nature, with our limited consciousness are making an effort and learning, learning, learning how to live it. But our capacities are limited and so our efforts are also small. We have to realise that we have the divine presence in us. That is realisation. That is enlightenment. If we are holding the Divine in us, then why don't we activate our divinity? And when we activate our divinity, then we will be making effort in the right direction…the effort that will lead to clarity and an effortless life.

Cultivate faith. Then you will not rely or depend on your capacities. You will rely and depend on the Divine; you will surrender to the Divine.

The Divine is with you, and in you, Divine is your highest potential, Divine is your highest nature. How when you move, when you think, when you act, when you react, all this actions, reactions, movements, they should be with divine light and movements, with the divine connection and capacities. Then everything will be spontaneous, natural. We have to discover that state, we have to realise that state.

Always feel gratitude and open yourself to realise divinity within. How can this supramental light, supramental energy manifest and liberate us from all the lack of peace love, knowledge, consciousness, all that which makes us limited, finite, which does not allow us to live in bliss and joy and consciousness?

It's a question of resolving to make the effort and then going about it methodically. ✶ ✶ ✶

**[Speaking Tree; Courtesy Times Of India]**

## ખાસ અગત્યનું

KYC (Know Your Client)

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા શિક્ષણ-મેડીકલ-વૃધ્ધજન-વિકલાંગ ઉત્કર્ષ-મહિલા ઉત્કર્ષ ઈત્યાદિ સહાયનું વિતરણ આર્થિક જરૂરિયાતવાળા અરજદારોને પાટણ કો-ઓપ.બેન્ક લિ., ગ્રેટર બોમ્બે કો-ઓપ. બેન્ક લિ. અને બેન્ક ઓફ બરોડાની ભારતભરની શાખાઓમાંથી તેમના બેન્કના ખાતાઓમાં સીબીએસ મારફત ડાયરેકટ જમા આપવામાં આવે છે.

રીઝર્વ બેન્ક ઓફ ઈન્ડીયાના નવા કાયદા અનુસાર દરેકે દરેક બેન્ક ખાતેદારોએ તેમનું KYC કરાવવું ફરજીયાત બનાવેલ છે. KYC સિવાય સહાયની રકમ બેન્ક ખાતામાં જમા થતી નથી, તેમજ બેન્ક ખાતામાં નાણાંકીય લેવડદેવડ કરી શકાતી નથી. આથી મંડળમાંથી સહાય લેનારાઓને ખાસ જણાવવાનું કે, તમોએ તમારા બેન્ક ખાતામાં જો હજુ સુધી KYC કરાવેલ ન હોય તો તાત્કાલિક આપની બેન્કની શાખામાં તે અંગેના જરૂરી ડોકયુમેન્ટ રજૂ કરી KYC કરાવી લેવું. જેથી આપને આપના બેન્ક ખાતામાં સહાયની રકમ જમા કરાવી શકાય.

□ શ્રી પાટણ જૈન મંડળ

## રંગ

ફાગુનનો રંગ ખેલવા તારું ગમતું સ્થળ કયું ? ઓ કાન્હા...
મોરલીનો નાદ...
પિચકારીનો ઉન્માદ...
કે ગીતાનો નિનાદ...
તારી લીલાની લાલીમાંથી તો જન્મ્યા છે રંગો
'શામળિયો' શબ્દ છે રંગનો જેહાદ...
રાધિકાના ફૂટેલા બેડલામાં તારા દરશ ની આસનો
રંગ છે...પનઘટ
ગોપી થઈ કુસુમલતા વીંટળાઈ તે થડને જે અંગ શામળિયાનું
એ રંગ છે...કદંબ
વૃંદાવનમાં વિષાદયોગમાં ઝૂરનારી માટે ગોકુળ-મથુરાના ચક્કર
મારતો રંગ છે...ઓધ્ધવ
દુઃશાસનના ચીરહરણથી અપમાનિત લજ્જિત દ્રૌપદીને સન્માનિત
કરતો રંગ છે...તારો સખાભાવ
દૂધ-દહીની હાંડીમાં ભરેલી ભાવધારા પર તારી જ્ઞાનધારાનો
છલકાતો રંગ છે...અવિનાશી
લાખ-લાખ મનામણાને હઠથી અધિકારથી નકારતો રંગ
છે...તારું રૂસણું
ધબકારે ધબકારે હૃદયમાં ધબકી વિરહને મિલનમાં ઘોળતો
લાલમલાલ રંગ છે...તારો પ્રેમ

**□ શ્રીમતી ફાલ્ગુની એન. શાહ**


વિનીત-રાજુલ ।। શ્રી શંખેશ્વર ધીયા પાર્શ્વનાથાય નમઃ ।। Tel.: 28780553
નીરજ-નીલ : ૯૦૨૨૮૦૮૬૨૨ Mo.:9322931462
પાટણનું શુદ્ધ ઘી તથા કુસુમ મસાલા મેળવવાનું વિશ્વાસપાત્ર સ્થળ...
**શાહ વર્ષા દેવેન્દ્રકુમાર**
**SHAH VARSHA DEVENDRAKUMAR**
**Dealers in : Stainless Steel Utensils, Pure Ghee of Patan**
**All Kind of Dry Fruits, Masalas, Spies & C.T.C. Tea**
59-10, Jawahar Nagar, 1st Floor, Opp. Jain Temple,
Road No. 4, Goregaon (West), Mumbai-400 062.
Advt


## દરિયો થઈને આવીશ !

રાહ જોજે પ્રિયે! હું યાદ થઈને આવીશ,
મનગમતું એક ગીત થઈને આવીશ!
ફકત એકવાર તો દિલને બહેલાવી જો-
મુખાર્વિંદે મજાનું સ્મિત થઈને આવીશ!

તપતા કાઠા તડકાને કહેજે, શમી જાય!
ઘનઘોર ઘટા, જળધોધ થઈને આવીશ,
પાયલની ઝંકાર ને નાડીના ધબકાર-
હૈયે ઉમડતા તોફાન લઈને આવીશ.!

કહી દે વિતેલા વખતને, તૂ વેરાઈ જા-
કાલની નવી કેડી કંડારવાને આવીશ,
ધુમ્મસની ધુમ્રશોરની જેમ ઉઠતી ધૂન-
છમ છમા છમ હૈયે ગીત થઈને આવીશ!

શબ્દો સાથેની ને શબ્દો વિનાની સમજણ-
જાણું છું! મૃગજળમાં રેખા ના અંકાય છે,
પુષ્પોના પમરાટે સુગંધના સરવરિયે-
સ્મૃતિ–સંજીવનીનો પાલવ પકડીને આવીશ!

જીવન ક્યારીઓ આશીર્વાદથી છલકી છે,
નભમાં ચંદ્રમા, ને હૃદયે શીળી ચાંદની,
મળી મને મહામૂલી મહેરની મિરાત-
શાંત કોલાહલે, દરિયો થઈને આવીશ!

રાહ જોજે પ્રિયે! હું યાદ થઈને આવીશ

**મ.ને.**


The Johri™
And Carat Jewellery
118 Dharam Palace, B-Wing, 1st Floor, Hughes Road, Mumbai- 400007.
Tel no. 022-23610180 / 81
Tushar- 9820223110, Rupal- 9969525061, Amar- 9004777012. By appointments only.
Advt

# વસતીપત્રક વિમોચન તથા મ્યુઝીકલ હાઉસી : અહેવાલ

સંસ્કાર અને સેવાની સુરભિ પ્રસરાવતી આપણી માતૃસંસ્થા શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજનું વસતીપત્રક પરિવાર પરિચય-૨૦૧૩ (સાતમી આવૃત્તિ)નું વિમોચન ગાંધી જયંતિના સપરમે દિવસે તા.૨-૧૦-૨૦૧૩ ના રોજ પાટકર હોલ, ન્યુ મરીન લાઈન્સ મધ્યે રંગે ચંગે સંપન્ન થયું. જીવન સૌરભ સમિતિ દ્વારા સમાજના વરિષ્ઠ સભ્યો માટેના કાર્યક્રમ મ્યુઝીકલ હાઉસીનું આયોજન પણ ઉકત કાર્યક્રમની સાથે કરવામાં આવ્યું.

કાર્યક્રમની શરૂઆતમાં રંગમંચ ઉપરથી આમંત્રીતોનુ અભિવાદન કરતાં મંડળના ઉપપ્રમુખ તથા 'પાટણ પ્રતિબિંબ'ના તંત્રી **શ્રી મહેન્દ્રભાઈ નેમચંદ શાહ ગુંદરવાલાએ** કાવ્યાત્મક શૈલીમાં કાર્યક્રમનું સંચાલન કરતાં જણાવ્યું હતું કે, ઝાંકળથી ધોવાયેલા કોઈ પુષ્પની પાંદડી પર ઉગતા સુરજનું કિરણ પડે ત્યારે પવનની લહેરખી સાથે વહી આવેલી નિર્મળતા જેવો સ્પર્શ સૌ કોઈ અનુભવી રહ્યા હતા. એક વાત સ્પષ્ટ હતી કે કર્મ પ્રત્યે પ્રેમ અને ઉષ્મા હોય તો સુષ્મા અને સૌંદર્યનું ગીત કંઠમાં ફુવારો થઈ ફોરી ઉઠે અને સ્મીત આપણા કાર્ય નીચે સંમતિના હસ્તાક્ષર કરી આપે.

રંગમંચ ઉપર **પ્રમુખશ્રી, સંસ્થાના દાતાઓ, ટ્રસ્ટીઓ, હોદ્દેદારો** તથા **જીવન સૌરભ** અને **પ્રોગ્રામ સમિતિના સભ્યો** ઉપસ્થિત હતા. સંસ્થાના ઉપપ્રમુખ **શ્રી રાજેન્દ્રભાઈ જયંતિલાલ શાહે** પધારેલ મહાનુભાવોને હૃદયપૂર્વક આવકાર આપતા સંસ્થાની સુવર્ણ જયંતિ તથા ૯૦ વર્ષના કાર્યોની યાદ અપાવી હતી. જૂના વસતીપત્રકની લેખન સામગ્રીઓ અને નવા પરિવાર પરિચય ગ્રંથની તૈયારી માટેની કાર્યવાહીનો ચિતાર આપ્યો હતો અને પધારેલ મહેમાનો પ્રત્યે આભારની લાગણી વ્યકત કરી હતી. સંસ્થાના ઉપપ્રમુખ **શ્રી ભરતભાઈ દલપતભાઈ શાહે** નવા પરિવાર પરિચય ગ્રંથની આવશ્યકતાથી માંડી તેમાં સમાવેશ કરવામાં આવેલ અનેકવિધ માહિતી અને તેની ગતિવિધિ ઉપર પ્રકાશ પાડયો હતો. આ વસતીપત્રકમાં આપેલ સંસ્થાની તેમજ પરિવારોની વિગતની જાણકારી આમંત્રીતોને આપી હતી.

સંસ્થાની શતાબ્દી યાત્રાના સાથિ અને સારથી મુખ્ય અતિથિ **શ્રી જે.કે.શાહ**નું બહુમાન સંસ્થાના પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી **શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહે** તથા જીવન સૌરભના પ્રભારી માજી પ્રમુખ **શ્રી નવીનચંદ્ર નેમચંદ શાહે** શાલ તથા બુકેથી કર્યુ હતું. શ્રી પાટણ જૈન મંડળના મુખ્ય દાતા અતિથિ સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટના મોભી **શ્રી જયંતિલાલ પોપટલાલ શાહ**નું બહુમાન ટ્રસ્ટી **શ્રી ભદ્રકુમાર મણિલાલ શાહ** તથા ટ્રસ્ટી **શ્રી સુરેશભાઈ અમૃતલાલ શાહે** શાલ અને બુકેથી કર્યું હતું. ૮૬ વર્ષની જૈફ વયે સર્વ **શ્રી જયંતિલાલ પોપટલાલ શાહ**ની ઉકત કાર્યક્રમમાં હાજરી એ સંસ્થા પ્રત્યેની તેમની લાગણીને પરમ સીમાએ આણી હતી. ઉકત પરિવાર પરિચય-૨૦૧૩ ના ગ્રંથના મુખ્ય દાતા **શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલા** નાદુરસ્ત તબિયતને કારણે હાજર રહી શકયા ન હતા. તેમના સંદેશાએ કાર્યકરોમાં અનેરો ઉત્સાહ સંચિત કર્યો હતો. સહયોગી દાતા **શ્રી દાનેશભાઈ વિનોદચંદ્ર શાહ** તથા **શ્રી નિરંજનભાઈ પોપટલાલ શાહ**નું બહુમાન મંડળના ટ્રસ્ટી **શ્રી ભરતભાઈ નેમચંદ શાહ** તથા **ટ્રસ્ટીશ્રી પ્રદીપભાઈ રમણલાલ શાહ**ના કરકમલો દ્વારા કરવામાં આવ્યું હતું. પ્રમુખશ્રી, અતિથિ મહાનુભાવો, ટ્રસ્ટીઓ તથા દાતાઓએ વસતીપત્રક પરિવાર પરિચય - ૨૦૧૩ નું વિધિવત વિમોચન કર્યુ હતું. આમંત્રીતોએ જેને તાળીઓના ગડગડાટ સાથે વધાવ્યું હતું.

પ્રાસંગિક પ્રવચનમાં સંસ્થાના માજી પ્રમુખ **શ્રી જે. કે. શાહે** તેમનો પ્રતિભાવ આપતા પૂર્વ પ્રમુખ **શ્રી કીર્તિલાલ બાલુભાઈ શાહ**ની સેવાઓને બિરદાવી હતી. અને તેઓશ્રીએ આપેલ યોગદાન અને આગળના વસતીપત્રકમાં આવરેલ વિગતોની જાણકારી આપી હતી. વિતેલા વર્ષો દરમ્યાન સુવર્ણજયંતિ મહોત્સવ અને ૯૦ વર્ષના અવસરને યાદ કરી તેઓ ગદ્દગદીત થયા હતા. સંસ્થાના હિતેચ્છુ દીર્ઘદૃષ્ટા અને દાતા **સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ પરિવાર** તરફથી મિતભાષી **શ્રી લલીતભાઈ પોપટલાલ શાહે** આશીર્વચન આપતા તેમના પ્રતિભાવો અને વિચારો દર્શાવ્યા હતા. સમય અને સંજોગની સાથે હમકદમ રહી પ્રગતિના નવા સોપાનો સંસ્થા સર કરે તેવી તેઓશ્રીએ શુભેચ્છા પાઠવી હતી.

શ્રી પાટણ જૈન મંડળના પ્રમુખ અને મેનેજીંગ ટ્રસ્ટી **શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહે** તેમના પ્રાસંગિક વકતવ્યમાં જણાવ્યું હતું કે, સંસ્થાએ વિવિધ ક્ષેત્રોમાં સેવા અને સહાય થકી અનેરી પ્રગતિ સાધી છે. સંસ્થાની અનેકવિધ ઉપલબ્ધિઓનો શ્રેય તેઓશ્રીએ સંસ્થાના આજીમાજી કર્ણધારો, યશભાગીઓ, પથદર્શકો, નિઃસ્વાર્થ કાર્યકરો, સહાયકો અને કાર્યાલયના સમર્પિત કર્મચારીઓએ આપેલ યોગદાનને આપ્યો હતો. તેઓએ જણાવ્યું હતું કે, જીવનનું પૃથ્થકરણ કરવાને બદલે પ્રગતિલક્ષી હકારાત્મક અભિગમ, નિર્ણય અને કર્તવ્ય પાલન થકી વર્તમાનની સીમાઓ વધારવા સંસ્થાના પ્રયત્નો અવિરત ચાલુ જ છે. વધુમાં તેઓશ્રીએ જણાવ્યું હતું કે, છેલ્લા પાંચ વર્ષો દરમ્યાન આપણે અસ્તિત્વમાં આણેલ **સમાજ વિકાસ ફંડ, લેન્ડ એન્ડ બિલ્ડીંગ ફંડ, રીવોલ્વીંગ ફંડ તેમજ મેમોરીયલ ફંડ** જેવી નિધિને સમાજના સખી દાતાઓ દ્વારા અદ્દભુત પ્રતિસાદ પ્રાપ્ત થયો છે. સંસ્થાના કોરપસે વર્ષ ૨૦૧૩ ના ઓગષ્ટ માસ સુધી ૧૬ કરોડનો લક્ષ્યાંક પાર કર્યો છે. તેનો નિર્દેશ પણ તેઓએ કર્યો હતો.

શૈક્ષણિક ક્ષેત્રે અને મેડીકલ ક્ષેત્રે સંસ્થા સવિશેષ સહાય કરી રહી છે, જે આજના સમયની વણકહી માંગ છે. **પ્રમુખશ્રી દિનેશભાઈ**એ આ અવસરે **સેવંતીલાલ કાંતીલાલ ટ્રસ્ટ પરિવાર, બાબુ પનાલાલ પુનમચંદ ચેરીટેબલ ટ્રસ્ટ, બાબુ સાહેબ નાનકચંદજી પુનમચંદજી ટ્રસ્ટ, બાબુ જીવણલાલ પનાલાલ ટ્રસ્ટ**નો ખાસ ઉલ્લેખ કર્યો હતો. વિદેશમાંથી પ્રાપ્ત થયેલ **શ્રીમતી મીનાબેન તથા શ્રી નીતીનભાઈ જયંતિલાલ ગભરૂચંદ શાહ** પરિવારની એક લાખ અમેરીકન ડોલરની સખાવતને બિરદાવી હતી. આ ઉપરાંત સંસ્થાના અન્ય દાતાઓને પણ તેઓએ બિરદાવ્યા હતા. શ્રીમતી પન્નાબેન કપુરચંદ સોનાવાલાએ વીલ દ્વારા સંસ્થાને કરેલ સખાવતની તેઓએ ભાવભરી અનુમોદના કરી હતી. સાધારણ પણે અસાધારણ સફળતા અને સામર્થ્યની સક્ષમતા પુરવાર કરવા બદલ ત્રણે ઉપપ્રમુખોને તેઓએ હૃદયપુર્વક બિરદાવ્યા હતા.

**મ્યુઝીકલ હાઉસી** : વસતીપત્રક વિમોચન સમારોહની સાથેજ સંસ્થાની જીવન સૌરભ સમિતિ દ્વારા આયોજીત **શ્રીમતી સુશીલાબેન ચંદ્રકુમાર**

**મણિલાલ ઝવેરી (સાયબા)** સાંસ્કૃતિક પ્રવૃત્તિ નિધિ પ્રેરીત સમાજના વરિષ્ઠો માટેનો મ્યુઝીકલ હાઉસી (તંબોલા સર્કસ)નો અદ્દભુત કાર્યક્રમ શ્રી ચંદ્રેશભાઈ શાહ દ્વારા પ્રસ્તુત કરવામાં આવ્યો હતો. જેને સભ્યોએ એકી અવાજે વખાણ્યો હતો.

કાર્યક્રમની શરૂઆત પહેલા સુંદરબાઈ હોલના પ્રાંગણમાં ઉત્કૃષ્ઠ ભોજનની વ્યવસ્થા કરવામાં આવી હતી. પાયલ કેટરર્સના **શ્રી કાંતિભાઈ પટેલે** જાત દેખરેખ હેઠળ અનેરી વ્યવસ્થા સાથે લોકોની અપેક્ષા મુજબ કે કદાચ તેથી વિશેષ મહેનત કરી હતી. સર્વેએ હોંશે હોંશે ભોજનને ન્યાય આપ્યો હતો. જીવન સૌરભ સમિતિના મંત્રીઓ **શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહ, શ્રી કમલેશભાઈ ચંપકલાલ શાહ તથા શ્રી મુકેશભાઈ સેવંતીલાલ શાહ** તથા તેમની સમિતીના સભ્યોની જહેમત અને કાર્યક્ષમતા અનેરી પુરવાર થઈ હતી.

સમય મર્યાદાને ધ્યાનમાં લઈ જીવન સૌરભ સમિતિના મંત્રી **શ્રી રોહિતભાઈ મહાસુખલાલ શાહે** પ્રાસંગિક પ્રવચનમાં વધુ સમય ન લેતા શ્રી ચંદ્રેશભાઈના આ અભૂતપૂર્વ કાર્યક્રમને માણવા સભ્યોને વિનંતી કરી હતી. તેઓએ મંચસ્થ સંસ્થાના એડમીનીસ્ટ્રેશન મંત્રીઓ **શ્રી પરેશભાઈ અમૃતલાલ શાહ તથા શ્રી મુકેશભાઈ દિલીપભાઈ શાહ** તથા ખજાનચીઓ **શ્રી અશ્વીનભાઈ પનાલાલ શાહ તથા શ્રી જયોતિન્દ્રભાઈ જયંતિલાલ દેવડાવાળા** તથા પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે સહાયભુત થનાર સૌનો આભાર માન્યો હતો.

પ્રોગ્રામ સમિતિના **મંત્રીઓ શ્રી જનકભાઈ અરવિંદભાઈ શાહ, શ્રી શૈલેષભાઈ કેશવલાલ શાહ તથા શ્રી સંજયભાઈ કીર્તિલાલ શાહ** તથા સમિતિના અન્ય સભ્યો અને મિત્રોનો સહકાર પણ પ્રાપ્ત થયો હતો.

વસતીપત્રક-૨૦૧૩ ના વિમોચન બાદ મ્યુઝીકલ હાઉસીનો મનગમતો કાર્યક્રમ શરૂ થયો હતો. તંબોલા સર્કસના પ્રણેતા **શ્રી ચંદ્રેશભાઈ શાહ,** હાસ્યકલાકાર **શ્રી મહેશભાઈ દુબે** તથા **શ્રી ભાનુશાળીએ** સભ્યોમાં હાસ્યની છોળ ઉડાડી હતી. એક અનન્ય અને નવા જ પ્રકારની આ મ્યુઝીકલ હાઉસીમાં જીતનાર સભ્યોને સારા એવા પારિતોષિકો પણ આપવામાં આવ્યા હતા. ખાસ ધ્યાનાકર્ષક વાત તો એ હતી કે દરેક વ્યકિત સભાગૃહમાં છેલ્લે સુધી બેઠી હતી અને કાર્યક્રમને મન ભરીને માણ્યો હતો.

**બે ફુલ હાઉસી - સરખા ઈનામો**

સમર પ્લાઝા-પંચગીનીની બે રાત્રી-ત્રણ દિવસ પેકેજ તથા એપેક્ષ હોમ એપ્લાયન્સીસના ફોર બર્નર ગેસ સ્ટવ વીથ ગ્લાસ કવર, મીક્ષર ગ્રાઈન્ડર, ૩ લીટર પ્રેસરકુકર અને ઢોસા તવા. ફુલ હાઉસીના નીચે મુજબના બે વિજેતાઓ **(૧) શ્રી વિક્રમભાઈ હરગોવિંદદાસ શાહ (૨) શ્રી ચંદ્રકાંતભાઈ ચીમનલાલ પટણી.** આ ઉપરાંત ઉપસ્થિત સભાજનોને હાઉસીના સવાલ-જવાબો માટે જુદા જુદા પ્રાઈઝ આપવામાં આવેલ. ✱✱✱


## જિર્ણોધ્ધાર દેવદ્રવ્ય માટે

પાટણ શહેરના કોઈપણ જૈન દેરાસરના જીર્ણોદ્ધાર માટે દેવ દ્રવ્યની જરૂર હોય તો ખેતરપાળ પાડાના નીચેના સભ્યોનો સંપર્ક સાધવા વિનંતી છે.

**૧. લલિતભાઈ સી. શાહ ફોન : 2872044 – 9833008619**

**૨. ભદ્રકુમાર એમ. શાહ ફોન : 228810523 – 9819268802**

Advt

**MATRIMONIAL**

**NAME : JIMIT SUNIL SHAH**
Mahollo : Khajuri No Pado
Father : Sunil Shah; Mother : Rita Shah
Moshal : Vakhtji Ni Sheri
Birth Date : 22 July, 1986, Height : 5'-8''
**US CITIZEN**
Education : B.S. Chemical Engineering (USA)
Profession : Project Manager
Settled and Working in New York, USA
Girl Should be Graduate, Vegetarian and willing to migrate and settle in USA.
If interested, Contact : Mumbai-Parulben Jhaveri
**Ph. : +9122 23697722, 9819532317** OR
Mahendrabhai Chunilal Shah Ph. : +9122 23625500
Email : jshah86@gmail.com ; sunil 10@yahoo.com
Advt

**શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા**

ટાંગડિયા વાડો, પાટણ–ફોન : ૦૨૭૬૬–૨૨૫૮૫૩

**નૂતન સહાય યોજના**

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/-** ● **સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ : રૂા. ૩૧,૦૦૦/-** ● **દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦–જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે. એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે. આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

● સૌજન્ય : **મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કું., મુંબઈ** ● ADVT

## જીવનનો જીર્ણોધ્ધાર

મકાનના, ઘરના, મંદિરના વગેરેના જીર્ણોદ્ધાર સાંભળ્યા છે પણ આજે જીવનના જીર્ણોદ્ધાર વિષેજાણીશું. નિગોદમાંથી આપણને સિદ્ધના જીવે, જીવનને સર્વાંગ સુંદર બનાવવા માટે વચન આપી વ્યવહાર રાશીમાં મૂક્યા. સદ્‌ગુણોરૂપી શિલાન્યાસ કરી, જીવનને ઉન્નત બનાવવા, સુકર્મોનું સિંચન કરી, જીવન મંઝિલ સરળ બને તે માટે બધી જ અનુકૂળતા આપી પમ આપે મોહાંધ, રાગાંધ બની તે જીવનપથ કાંટાલું બનાવી દીધો. તેથી આપણી જીવન ઈમારત મજબૂત-અડીખમ ન બનતા હાલક ડોલક થવા માંડી. નિગોદમાંથી નીકળી આપણે એકેન્દ્રિય, આદિ કેટલાય ભવો કરી, કર્માનુસાર તિર્યંચમાંથી પંચેન્દ્રિયણું, નરકપણું, દેવાયું વગેરે અનેક ભવો કર્યા. અનંતા જીર્ણોદ્ધાર થયા પણ છતાંય ભવસાગર જીવનનાવ ઝોલા ખાતી જ રહી. તિર્થાધિરાજ શત્રુંજયના તો સોળ-સત્તર જીર્ણોદ્ધાર થયા પણ આજે તે શાશ્વત ગિરિરાજ તો આપણને સાક્ષાત્ દર્શન આપી. મુગ્ધ-ભાવિક બનાવે છે જ્યારે આપણે દુર્લભ મનુષ્યભવ ઉત્તમ જૈનકુળ, ખાનદાન કુટુંબ, આર્યદેશ, સુદેવ, સુગુરુ સુધર્મનો સંયોગ મળ્યો પણ આપણી જીવન ઈમારત રાગ-દ્વેષના ઝંઝાવાતી વાવાઝોડાને લીધે જીર્ણ-શીર્ણ થઈ ગઈ છે. આથી જીવન ઈમારતને દાન, શીલ, તપ, ભાવનાના ચાર પાયા પર શ્રદ્ધા રૂપી સીમેન્ટ અને જયણારૂપી કરૂણાજળનું મિશ્રણ કરી, સદ્‌ગુણો વડે પાયાને મજબૂત બનાવીએ. જેથી તેના પર કરેલું ચણતર-જીર્ણોદ્ધાર કરી જીવન ઈમારતને ભવાંતરમાં ઉર્ધ્વગામી બનાવે. સિદ્ધ પરમાત્માએ આપણને જીવન પંથ બતાવ્યો અને અરિહંત પરમાત્માએ આપણા જીવનનો જીર્ણોદ્ધાર કરી મોક્ષપંથ બતાવ્યો. હે પ્રભુ ! નવા વર્ષની નવલ પ્રભાતે અમે આપની પાસે એટલું જ માંગીએ ભલે અમારા ગત જીવનના ઘણાં જ જીર્ણોદ્ધાર થયા હવે ભવાંતરમાં બહુ ભમવું ન પડે તેવો જ અમારા જીવનનો જીર્ણોદ્ધાર કરજે. હે પ્રભુ ! નૂતન વર્ષના મંગલ પ્રભાતે તે પૂ. ગૌતમસ્વામીને કેવળજ્ઞાનની બક્ષિસ આપી તો શું અમને સમ્યગ્‌જ્ઞાનની પ્રાપ્તિ નહિ કરાવે ? એ જ નૂતન વર્ષે સહુને ધર્મદાયી, ફળદાયી નીવડે તેવી જ શુભેચ્છા.

**❑ શ્રીમતી ઊર્મિલાબેન ધીરેન્દ્રભાઈ ઝવેરી**

## રાજકાવાડા જૈન સભા સંઘ-પાટણ

આ પર્યુષણ પર્વના દિવસોમાં રાજકાવાડા નવ મહોલ્લાના જૈન ભાઈઓને નિશાળના પાડાના નાથાલાલ ખાંડવાળા જૈન ઉપાશ્રયમાં આ. વિમલસાગરજી મહારાજ સાહેબના બન્ને શિષ્યો દ્વારા અમૃતમય ધાર્મિક વાણી, કલ્પસૂત્ર, બાસ્સા સુત્ર અને મહાવીર સ્વામીજીનું જનામ વાચનનો અમૂલ્ય લાભ બધા નવ મહોલ્લાના ભાઈબહેનો મળ્યો હતો. અમો તેમના આભારી છીએ.પર્યુષણ દરમ્યાન અઠાઈ, અઠમ, છઠ્ઠ ઉપવાસ અને સમૂહ એકાસણા કરાવવાનો લાબ દસે દિવસ રાજકાવાડા જૈન સંઘના ભાઈઓએ લીધો હતો. વરઘોડો અને ચૈત્ય પરીપાટી **'રાસ્કા મીની સમેતશિખર'** અને **'કલીકુંડ પાર્શ્વનાથ'**ની કરવામાં આવી હતી.

નવ મહોલ્લાના ભાઈઓની એકતા, સમૂહ ધાર્મિક ભાવના કાંઈક અલૌકિક અનેરી હતી.

મુંબઈથી ઘણાં ભાઈ-બહેનો આ લાભમાં સહભાગી થયા હતા. છેલ્લા દિવસે ઉપાશ્રયમાં પૂજા ભણાવી, ભાવ ભર્યું સમૂહ ભોજન લઈ લગભગ ૧૫૦ વ્યક્તિઓ ધાર્મિક ભાવનાથી છુટા પડ્યા હતા.


## શ્રી પંચાસરા પાર્શ્વનાથ શ્રુત આરાધક મંડળ

C/o. ચંપકલાલ કે. શાહ, ૨/બી, મેકર એપાર્ટમેન્ટ,
૨૩૨, વાલકેશ્વર રોડ, મુંબઈ-૪૦૦ ૦૦૬.
ફોન : ૨૩૬૯૧૧૦૩. મોબાઈલ : ૯૭૫૭૩૦૪૩૯૯.

સહર્ષ સાથે જણાવવાનું કે પાટણના ઉદાર દિલના દાતાઓના સહકારથી સાધર્મિકોને સાત સાત વર્ષોથી યાત્રા કરાવવાનું આયોજન કરી રહ્યા છીએ. તેમનો અમે આ તકે આભાર માનીએ છીએ.

શ્રી સિદ્ધગિરી, ગિરનારજી, જેસલમેર, સમેત શિખર પંચ તિર્થી, કચ્છ પંચતિર્થી, ચિતોડગઢ, ઉદયપુર, માઉન્ટ આબુ દેલવાડા, પાવાપુરી, ભેરૂતારક, જીરાવલ્લા ઉત્તર પ્રદેશના ૧૯ કલ્યાણક ભૂમિઓ, સૌરીપુરી, કાપીલપુર, અદિછત્રા, હસ્તિનાપુર, આગ્રા, દિલ્હી. ગયા વર્ષે દક્ષિણના તીર્થો-શ્રી કુલપાકજી, પેદુતુમ્બલમ્, કાકટુર, હ્રીંકારતીર્થ હૈદ્રાબાદ, ચૈતન્યપુરી આદિ તીર્થ.

આ વખતે આવતા મહિનામાં ૫૦ વર્ષથી વધુ વયના સાધર્મિકોને પંજાબના તીર્થોની યાત્રા કરાવવાનું આયોજન કરેલ છે. દશ દિવસનો યાત્રા પ્રવાસ થશે. કાગડાતીર્થ અંબાલા, સુમના, લુધિયાણા, હોંશિયારપુર (જલંધર), દિલ્હી, એક યાત્રિક દીઠ લગભગ ૧૧૫૦૦ નો ખર્ચ થશે. એટલે ૫૭૫૦૦૦ થશે.

ખાસ મોટા ડોનેશન હજુ આવેલ નથી. નીચેની રકમ ભેટ તરીકે આવેલ છે.

રૂા. ૩૧૦૦૦ શ્રી શશીકાન્ત નેમચંદ બેંકર-
તારદેવ-મારફતિયા મહેતાનો પાડો

રૂા. ૧૧૦૦૦ શ્રીમતી સંગીતાબેન ચન્દ્રકાન્ત મૂલચંદ શાહ
દાદર-સંઘવીનો પાડો

આ યાત્રાના આયોજનમાં લાભ લેવા ઈચ્છતા ઉદાર દિલ દાતાઓને ઉપરોક્ત સરનામે સંપર્ક કરવા વિનંતી છે.

મોટી ઉંમરના જે સાધર્મિકોને આવવાની ભાવના હોય તેમને સંસ્થા અને શાખામાંથી ફોર્મ મેળવી **તા. ૩૦-૧૧-૨૦૧૩ સુધી** ભરી મોકલાવી આપવા. Advt.


## શ્રી પાટણ વર્ધમાન તપ આયંબીલ

સંસ્થાના મનેજર શ્રી હરેશભાઈના જણાવ્યા અનુસાર આ વખતે ૨૧૫ શ્રાવકો તેમજ લગભગ ૬૦ સાધુ-સાધ્વી મહાત્માઓ શાશ્વતી આયંબીલની ઓળીની ભાવપૂર્વક તપસ્યા કરી રહ્યા છે.

# શ્રી પાટણ જૈન મંડળ

# પરિવાર પરિચય-વસતી પત્રક પ્રકાશન - ૨૦૧૩

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા સમાજના પરિવારોની એકતા અને અખંડિતતાના પ્રતીકસમા પરિવાર પરિચય–વસતીપત્રક-૨૦૧૩ની સાતમી આવૃત્તિનું પ્રકાશન કરવામાં આવેલ છે. આ ૭૪૪ પાનાનો એક દળદાર ગ્રંથ છે. સમાજના દરેક કુટુંબે આ વસતીપત્રક ગ્રંથ વસાવવો આવશ્યક છે. કોમ્પ્યુટર યુગમાં આપણાં કુટુંબોની માહિતી ઘરબેઠાં જાણી શકાય તે માટે આ વસતીપત્રકને વેબસાઈટ પર અપલોડ કરવાનું વિચારેલ છે. વખતોવખત દરેક કુટુંબની વિગતોમાં થતા ફેરફાર વેબસાઈટ ઉપર અપડેટ થતાં છેલ્લામાં છેલ્લી માહિતી દરેકને મળી શકશે. સાતમા વસતીપત્રકમાંની વિગતો અંગ્રેજીમાં છપાયેલ છે. જેથી હાલની પેઢીને ખૂબ ઉપયોગી થઈ પડશે.

## ભારતભરમાં વસતીપત્રક સરળતાથી મેળવવા માટે વિતરણ વ્યવસ્થા

શ્રી પાટણ જૈન મંડળના ૧૦૧માં વર્ષના ઉપલક્ષ્માં સમાજના સઘળા પરિવારોના નામ, સરનામા, મોબાઈલ / ટેલિફોન નંબર, ઈમેઈલ, વૈવાહિક કક્ષા, અભ્યાસ, વ્યવસાય સહિતની વિસ્તૃત માહિતી ધરાવતું ૭૪૪ પાનાનું પરિવાર પરિચય (વસતીપત્રક)નું તા. ૨-૧૦-૨૦૧૩ના પ્રકાશન કરવામાં આવેલ છે જેની નકલો મુંબઈ તથા બહારગામના નીચે જણાવેલ સરનામેથી **રૂા. ૧૦૦/-** ની રકમ ભરી આપની નકલ, નજદિકના વિસ્તારમાંથી વહેલી તકે મેળવી લેવા વિનંતી છે.

(૧) **શ્રી પાટણ જૈન મંડળ-મરીન ડ્રાઈવ**, ૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, **મુંબઈ-૪૦૦ ૦૨૦.** ટેલિફોન : ૨૨૮૧૧૩૪૬.

(૨) **શ્રી પાટણ જૈન મંડળ-ગોરેગામ**, ૧૫૨, જવાહર નગર, રૂપમ, ગોરેગામ વેસ્ટ, **મુંબઈ-૪૦૦૦૬૨.** ફોન : ૨૮૭૭૬૦૯૦

(૩) **શ્રી પાટણ જૈન મંડળ-બોરીવલી**, એ-૨૩, રતન નગર, ગ્રાઉન્ડ ફ્લોર, દીપ નારાયણ દૂબે માર્ગ, **બોરીવલી ઈસ્ટ, મુંબઈ-૪૦૦૦૬૮.** ફોન : ૨૮૯૧૧૩૦૮.

(૪) **શ્રી પાટણ જૈન મંડળ-પાટણ**, શ્રી પ્રમોદકુમાર કેશવલાલ અતિથિ ગૃહ, પીપળા શેરી, **પાટણ-ઉ. ગુજરાત.** ફોન : ૨૨૦૭૧૫..

(૫) **અમદાવાદ :** શ્રી સતીષભાઈ મણિલાલ શાહ, ૪૦૨/એ, પ્રકૃતિ એપાર્ટમેન્ટ, સંજીવની હૉસ્પિટલ પાસે, પાલડી, ન્યુ સાવડા મંદિર રોડ, **અમદાવાદ-૩૮૦૦૦૭.** ફોન : ૨૬૬૫૧૨૮૩.

(૬) **વડોદરા :** શ્રી ભરતભાઈ નવીનચંદ્ર શાહ, ૧૦૪, આગમ એપાર્ટમેન્ટ, મેહુલ જૈન સોસાયટી પાસે, સુભાનપુરા, **વડોદરા-૩૯૦૦૨૩.** ફોન : ૨૨૮૦૦૨૩.

(૭) **સુરત :** શ્રી ભદ્રેશભાઈ બાબુલાલ શાહ, ૫૦૩, આધારશીલા એપાર્ટમેન્ટ, ઘોડદોડ રોડ, પાર્લે પોઈન્ટ પાસે, **સુરત-૩૯૫૦૦૭.** ફોન : ૩૦૫૭૨૮૮.

(૮) **રાજકોટ :** શ્રી નિકેશભાઈ પ્રવીણચંદ્ર શાહ, ૩, શ્રી સૌરાષ્ટ્ર કલા કેન્દ્ર, માતૃઆશીષ, પારસ મેરેજ હોલની પાછળ, નિર્મળા સ્કૂલ પાસે, **રાજકોટ ૩૬૦૦૦૫.** ફોન : ૨૨૨૨૭૫૦.

(૯) **પુના :** શ્રી મહેન્દ્રભાઈ બાપુલાલ શાહ, ડી/૬૦૪, ઈશા એમરલ્ડ, ૬૧૨, બીબવેવાડી, કોંઢવા રોડ, **પુના-૪૧૧૦૩૭.** ફોન : ૨૪૪૦૮૨૯૩

(૧૦) **કોલકત્તા :** શ્રી શૈલેષભાઈ પન્નાલાલ શાહ, ૧૦૧, કામધેનુ, ૪૪ રોય સ્ટ્રીટ, **કોલકત્તા-૭૦૦૦૨૦.** ફોન : ૨૪૮૬૯૨૩૦.

(૧૧) **ચેન્નાઈ :** શ્રી પરેશભાઈ હીરાલાલ શાહ, નં. ૧૮, આદર્શ એપાર્ટમેન્ટ, ત્રીજે માળે, ૮૫, વેપ્રી હાઈ રોડ, **ચેન્નાઈ-૬૦૦૦૦૭.** ફોન : ૨૫૬૧૧૦૬૯

(૧૨) **શીરપુર :** શ્રી પંકજભાઈ કપૂરચંદ જૈન, મે. કપૂરચંદ ખૂબચંદ, સરાફ બજાર, **શીરપુર-૪૨૫ ૪૦૫. જિલ્લો : ધુલિયા.** ફોન : ૨૫૫૪૭૧

## ભારતના અન્ય શહેરો માટે વસતીપત્રક વિતરણ વ્યવસ્થા

ઉપર દર્શાવ્યા સિવાયના અન્ય શહેરોમાં વસવાટ કરતાં પરિવારજનોને ઘેરબેઠાં સરળતાથી વસતીપત્રક પ્રાપ્ત થઈ શકે તે માટે કુરિયર ચાર્જિસ સહિત એક નકલના રૂા. ૨૫૦/- 'શ્રી પાટણ જૈન મંડળ'ના બૅંક ઑફ બરોડા, મરિન ડ્રાઈવ શાખાના સેવિંગ્સ ખાતા નં. ૦૪૦૫૦૧૦૦૦૦૭૮૧૦માં ભરી આપની નકલ મેળવી શકશો. રકમ ભર્યાની તેમ જ આપના પૂર્ણ નામ-સરનામાની જાણ સંસ્થાના કાર્યાલય પર મોબાઈલ નં. ૦૯૮૨૧૮૮૧૫૦૩ પર SMS અથવા patanmandal@gmail.com પર મેઈલ કરવાથી આપની નકલ રવાના કરવામાં આવશે.

આ ઉપરાંત આપ મુંબઈના મરિન ડ્રાઈવ ખાતેના સંસ્થાના કાર્યાલયના સરનામે મ.ઓ., કુરિયર કે આંગડિયા દ્વારા **રૂા. ૨૫૦/- અને આપનું નામ સરનામું મોકલાવશો. તો પણ આપને વસતીપત્રકની નકલ કુરિયર મારફત મોકલી આપવામાં આવશે.**

**તાજેતરમાં પ્રકાશિત કરેલ સમાજોપયોગી ઉકત વસતીપત્રક તથા યુવક-યુવતી પરિચય - નિમિત્તની પુસ્તિકા પણ નિયત રકમ રૂા. ૧૦૦/- ભરવાથી આપની જરૂરિયાત અનુસાર મોકલી આપવામાં આવશે.**

# ઉગ્ર તપશ્ચર્યાની અનુમોદના

પાટણ જૈન સમાજના અનેક ભાઈ-બહેનોએ ચાતુર્માસ દરમ્યાન માસક્ષમણ, સિધ્ધિ તપ, વરસી તપ ઇત્યાદિ ઉગ્ર તપશ્ચર્યાની આરાધના સફળતાપૂર્વક પાર પાડીને પ્રચંડ કર્મ શુધ્ધિ સાથે પુણ્ય પ્રાપ્ત કર્યું છે, તેનું અનુમોદન કરતાં ગર્વ અનુભવીએ છીએ.

**૩૧ ઉપવાસ (માસ ક્ષમણ)**

| | | | |
|---|---|---|---|
| શીતલબેન જીતેન્દ્રભાઈ શાહ | ૩૬ | ખેતરપાળનો પાડો | ચોપાટી |
| ભાવેન પીયૂષભાઈ શાહ | ૩૧ | ભાભાનો પાડો | બોરીવલી |
| બોસ્કી જયકુમાર શાહ | ૩૧ | ખડા ખોટડીનો પાડો | વાલકેશ્વર |

**૨૧ ઉપવાસ**

| | | | |
|---|---|---|---|
| પરાગ રજનીભાઈ શાહ | ૩૫ | તંબોલી વાડો | કાંદિવલી |

**૧૬ ઉપવાસ**

| | | | |
|---|---|---|---|
| પંકજભાઈ લલીતભાઈ શાહ | ૬૪ | પંચોટી પાડો | કાંદિવલી |
| ચિરાગ ચંદ્રકાંતભાઈ શાહ | ૪૧ | કેશુશેઠનો પાડો | કાંદિવલી |
| ઉન્નત સંદીપકુમાર શાહ | ૨૧ | શાંતિનાથની પોળ | બોરીવલી |
| મેરૂ મનીષભાઈ શાહ | ૧૬ | કનાસાનો પાડો | વિલેપાર્લે |
| શોભનાબેન બિપીનભાઈ શાહ | ૬૩ | ભાભાનો પાડો | અંધેરી |

**સિદ્ધિ તપ**

| | | | |
|---|---|---|---|
| સેજલ સમીરભાઈ શાહ | ૪૦ | ઢંઢેરવાડો | ગોરેગામ |
| ભાવીની હેતલકુમાર શાહ | ૩૯ | – | ગોરેગામ |
| નિર્મળાબેન લલીતચંદ્ર શાહ | ૭૫ | વખતજીની શેરી | રતનનગર |
| મનોજકુમાર ચીનુભાઈ શાહ | ૫૯ | મલ્લાતનો પાડો | ખેતવાડી |
| મીનાબેન મનોજકુમાર શાહ | ૫૬ | મલ્લાતનો પાડો | ખેતવાડી |
| ઉષાબેન હરીશકુમાર શાહ | ૭૨ | ઢંઢેરવાડો | ચર્ની રોડ |
| કુનાલી અતુલકુમાર શાહ | ૨૬ | સંઘવીનો પાડો | ચર્ની રોડ |
| ચૈતાલી અતુલકુમાર શાહ | ૨૦ | સંઘવીનો પાડો | ચર્ની રોડ |
| નેહુલબેન અજીતભાઈ ઝવેરી | ૫૧ | કેશુશેઠનો પાડો | અંધેરી |
| વૈશાલી શૈલેનભાઈ શાહ | ૩૮ | ઢંઢેરવાડો | ભાયખલા |
| સોનમબેન મનિષભાઈ શાહ | ૪૦ | ખેતરવસી | અમદાવાદ |
| ભાવનાબોન ભાવેશભાઈ સંઘવી | ૩૮ | વાગોળનો પાડો | પ્રાર્થનાસમાજ |

**વરસી તપ**

| | | | |
|---|---|---|---|
| ઝરણાબેન રાકેશભાઈ સાલવી | ૪૯ | સાલવીવાડો | સુરત |
| કીન્નરી હિરેનભાઈ શાહ | ૪૧ | ઢંઢેરવાડો | બોરીવલી |
| કલ્પનાબેન અતુલકુમાર શાહ | ૫૨ | સંઘવીનો પાડો | ચર્ની રોડ |
| ભાવનાબેન ભાવેશભાઈ સંઘવી | ૩૮ | વાગોળનો પાડો | પ્રાર્થના સમાજ |
| ભાવેશભાઈ પીયૂષભાઈ સંઘવી | ૪૩ | વાગોળનો પાડો | પ્રાર્થના સમાજ |

**જિન દીક્ષા કલ્યાણ તપ**

| | | | |
|---|---|---|---|
| ચેતનાબેન સુરેશભાઈ પટવા | ૬૧ | લખિયારવાડો | દાદર |
| પ્રજ્ઞાબેન ધીરેનભાઈ શાહ | ૬૧ | મહાલક્ષ્મીમાતાનો પાડો | સાયન |

**ભદ્રંકર તપ**

| | | | |
|---|---|---|---|
| જ્યોતિબેન હર્ષદભાઈ શાહ | ૬૨ | લીમડીનો પાડો | અંધેરી |

## વિકલાંગ ઉત્કર્ષ સમિતિ 'દિશા'

સેવા અને સદ્‌ભાવનાના સમન્વયથી જરૂરિયાતમંદ લોકોના જીવન ઉજ્જવળ બને છે. સંસ્થામાં સેવા આપતા સદ્‌ગૃહસ્થોની સંખ્યા દિન પ્રતિદિન વધતી જાય છે. પરિણામે સંસ્થા સમાજના વિકલાંગના જીવનને ઉન્નત બનાવવા માટે સફળ થાય છે.

'દિશા'ના વિકલાંગ બાળકો માટે ફુલ બોડી ચેક-અપ થાયરોકેર લેબોરેટરી દ્વારા દરેક બાળકોના ઘેર જઈને તેમની તપાસણી કરીને તેના બધા જ રિપોર્ટ એડવાઈઝ માટે ખાસ મંડળના સભા ગૃહમાં **ડૉ. નેમીશભાઈ શાહ, ડૉ. મનીષાબેન શાહ, ડૉ. સરોજબેન સંઘવી,** તેઓની દેખરેખ નીચે દરેક બાળકના વાલીઓ સાથે નિદાન કરીને દવા આપવામાં આવી. આ તમામ ખર્ચને વહન કરવા આપણા સમાજના એક ભાઈ સ્પોન્સરર તરીકે આગળ આવ્યા. તેમની ખૂબ ખૂબ અનુમોદના કરીએ છીએ.

'દિશા'ના બાળકો દ્વારા બનાવેલ વસ્તુઓનું વેચાણ પણ સુંદર રીતે થયું. તેમ જ આપણા મંડળની ૧૦૧ વર્ષની ઉજવણીના પણ નિમિત્ત બન્યા. અહીં જે સ્ટોલ આપણને મળ્યો તેની સંપૂર્ણ સ્પોન્સરશીપ **શ્રીમતી સાધનાબહેન મહેન્દ્રભાઈ શાહ** પરિવાર તરફથી મળી તે બદલ તેમની ભૂરિ ભૂરિ અનુમોદના કરીએ છીએ. પાટણ જૈન સમાજના વસતીપત્રકનું વિમોચન અને મ્યુઝીકલ પ્રોગ્રામ વખતે સુંદરાબાઈ હોલમાં પણ 'દિશા'નો સ્ટોલ ગોઠવવામાં આવેલ હતો. તે બદલ સંસ્થાનો ખૂબ ખૂબ આભાર.

**`PREMNO PARIVAR PARICHAY'**

It you see the moon you see **BEAUTY OF GOD'**

It you see the sun, you can see **`THE POWER OF GOD'**

It you see the mirror, you can see **`THE CREATION OF GOD'**

It you deeply see & Study **PATAN PARIVAR VASTIPATRAK'**

From the bottom of your Heart Premthi, you can really feel you are moving in each **Patan Mohalla Jain Temple, PremthI.**

Songs of Praise may not be sung for Vastipatrak Samiti,

**But your Sacrifice will be remembered Forever Premthi.'**

**`HEART Y CONGRATULATION.**

**❑ DARSHANA AMIT SHAH**


**મકાન વેચવાનું છે**

કનાસાના પાડામાં વેલ ફરનીશ્ડ

બોમ્બે સ્ટાઈલનું મકાન વેચવાનું છે.

સંપર્ક :

ફોન : ૨૩૬૮૦૩૯૪ / ૨૩૬૮૦૩૯૫

Advt.

# શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત શ્રી સિધ્ધહેમ જ્ઞાનપીઠ, પાટણ

**આ પ્રવૃત્તિને વિકસાવવા બાબત :** પાટણ ખાતે સાધુ-સાધ્વીજી ભગવંતો, મુમુક્ષુઓને જૈન શાસ્ત્રોનો પધ્ધતિસર શ્રુતજ્ઞાન પ્રદાન માટે નિયમીત ધોરણે કંઈક વ્યવસ્થા ગોઠવાય તે હેતુથી પ્રેરકદાતા કુંભારીયા પાડાના **શ્રી કેશવલાલ કીલાચંદ શાહ પરિવાર**ની પ્રેરણાથી સને ૧૯૯૯ માં આ જ્ઞાનપીઠની શ્રી દિવાળીબાઈ ઉદ્યોગશાળા (ગોળશેરી)ના મકાનમાં તા.૧૭-૦૭-૧૯૯૯ ના રોજ વિધિસર શરૂઆત કરવામાં આવી. ત્યારબાદ આ પ્રવૃત્તિમાં કનાસાના પાડાના **શ્રી ભોગીલાલ લહેરચંદ પરિવાર** અને **બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વર જૈન દેરાસર ટ્રસ્ટ** સહયોગી દાતા તરીકે જોડાઈ આ જ્ઞાનપીઠની પ્રવૃત્તિને યોગ્ય પ્રોત્સાહન પુરૂ પાડયું છે.

જ્ઞાનપીઠના સંચાલન અને નિભાવ માટે સંસ્થા પાસે ઉપર્યુકત દાતાઓ દ્વારા અને સમાજમાંથી અન્ય વિવિધ દાતાઓ પાસેથી પ્રાપ્ત કુલ રૂા.૩૦,૭૦,૦૦૦/- નું કોરપસ ફંડ છે. સને ૨૦૧૨-૧૩ દરમ્યાન સંસ્થાને જ્ઞાનપીઠના સંચાલન માટે રૂા.૨,૩૭,૦૦૦/- નો ખર્ચ થયેલ. આમ આ પ્રવૃત્તિ સંસ્થાને આર્થિક રીતે સરભર થઈ રહેલ છે. **શ્રી ચંદ્રકાંતભાઈ પંડિત** ધાર્મિક શિક્ષણ આપી રહ્યા છે. તેઓ પાર્ટ ટાઈમ સેવા આપી રહ્યા છે. અને મંડળ દ્વારા તેમને માનદ્‌વેતન અપાય છે.

**શ્રી દિવાળીબાઈ ઉદ્યોગશાળા**ના મકાનમાં ચોમાસામાં પાણીના લીકેજને લઈ છેલ્લા થોડા વર્ષોથી આ જ્ઞાનપીઠ ઝવેરીવાડામાં ચાલી રહી છે. પાટણ ખાતે અન્ય મહોલ્લાઓમાં પણ આવી સાધુ-સાધ્વીજી ભગવંતો તથા મુમુક્ષુઓ માટે પાઠશાળાની પ્રવૃત્તિઓ ચાલી રહી છે અને જે તે મહોલ્લાના ભાઈઓ અથવા વ્યકિતગત આર્થિક સહયોગ દ્વારા તેનું સંચાલન થઈ રહ્યું છે. અહીં પણ શ્રી ચંદ્રકાંતભાઈ પંડિત ધાર્મિક શિક્ષણ આપી રહ્યા છે.

મંડળના નીચે જણાવેલ અગ્રણી દાતા પરિવારોના સભ્યો જેઓ સર્વે મંડળની મેનેજીંગ કમિટીના સભાસદો છે, તેઓ જુદા જુદા મહોલ્લાઓને બદલે એક જ સ્થાને **દિવાળીબાઈ સ્મૃતિભુવન**માં **શ્રી ચંદ્રકાંતભાઈ પંડિત**ની ફુલટાઈમ સેવા મેળવી તેમની રાહબરી હેઠળ, વધુ બે ત્રણ પંડિતો તૈયાર કરી જ્ઞાનપીઠ પ્રવૃત્તિને વિકસાવવાનું નકકી કરેલ છે. તે માટે વર્ષે અંદાજે રૂા.૨૦ લાખનો ખર્ચ થશે. વધુમાં **દિવાળીબાઈ સ્મૃતિભુવન**ને રીનોવેટ કરાવવું પડશે. તેનો અંદાજીત ખર્ચ રૂા.૫ થી ૧૦ લાખ આવશે. સંચાલન અને રીનોવેશન બન્નેનો તમામ ખર્ચની જવાબદારી તેમજ આ પ્રવૃત્તિનું સંચાલન આ સૌ મહાનુભાવો સ્વતંત્ર રીતે સંભાળશે.

**૧. શ્રી યતીનભાઈ કાંતીલાલ ઝવેરી ૨. શ્રી પ્રદીપભાઈ રમણલાલ શાહ ૩. શ્રીમહાસુખલાલ (બચુભાઈ) પોપટલાલ શાહ ૪. શ્રી કમલેશભાઈ જીવણલાલ ઝવેરી ૫. શ્રી રવિભાઈ સેવંતીલાલ શાહ ૬. શ્રી દિનેશભાઈ શાંતિલાલ રીખવચંદ શાહ ૭. શ્રી યશવંતભાઈ હરિલાલ ઝવેરી ૮. શ્રી દિનેશભાઈ શાંતિલાલ શાહ (પોળનીશેરી) ૯. શ્રી દિનેશભાઈ રસિકલાલ શાહ**

અન્ય દાતાઓ અને સંઘોના જ્ઞાન ખાતામાંથી જ્ઞાનપીઠ પ્રવૃત્તિ માટે ભેટ મેળવી શકાશે. આવા દાતાઓ અને સંઘોને આ પ્રવૃત્તિમાં જોડાવા પ્રેરણા મળે તે માટે આપણી અન્ય પ્રવૃત્તિ સમાજ વિકાસ ફંડ, રીવોલ્વીંગ ફંડ વગેરેની જેમ સિધ્ધહેમ જ્ઞાનપીઠના દાતાઓના નામ પ્રતિબિંબમાં પ્રકાશિત કરાશે.

## શુભ વિવાહ : સંવત ૨૦૬૯

| તિથિ | વાર | તારીખ | વડીલ | પુત્ર/પુત્રી | મહોલ્લો |
|---|---|---|---|---|---|
| માગસર વદ ૦૫ | બુધવાર, | તા. ૦૨-૦૧-૨૦૧૩ | શ્રી પ્રિયવદન ચંદુલાલ સંઘવી | **ચિ. કૃણાલ** | (કોકાનો પાડો) |
| | | | શ્રી યોગેશભાઈ સેવંતીલાલ શાહ | **ચિ. કરિશ્મા** | (—-) |
| અષાઢ સુદ ૦૩ | ગુરુવાર, | તા. ૧૧-૦૭-૨૦૧૩ | શ્રી પ્રદીપભાઈ શાંતિલાલ શાહ | **ચિ. ધવલ** | (મારફતિયા મહેતાનો પાડો) |
| | | | શ્રી દીલિપભાઈ રસિકલાલ શાહ | **ચિ. અશ્મિ** | (મહાદેવાની શેરી) |
| અષાઢ વદ ૧૦ | ગુરુવાર, | તા. ૦૧-૦૮-૨૦૧૩ | શ્રી રજનીકાંત ચીમનલાલ શાહ | **ચિ. ભાવિન** | (લીમડી) |
| | | | શ્રી રાજેન્દ્રભાઈ રસિકલાલ શાહ | **ચિ. જીનીતા** | (ચોધરીની શેરી) |

## શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત

આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.) - ૩૮૪૨૬૫ ● ફોન :(02766)220203

### શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)

કાર્યાલય:મે. પ્રવીણચંદ્ર ઍન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોન:૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

| | જીવદયા |
|---|---|
| સંઘવી ડી. એમ. દહેરાસર ટ્રસ્ટ | ૧૧૦૦૦ |
| શ્રી મહાવીર સ્વામી જૈન શ્વેતાબર મૂર્તિપૂજક દહેરાસર | ૧૧૦૦૦ |
| સ્વ. સુરેશચંદ્ર એમ. શાહ | ૧૦૦૦૦ |
| શ્રી નરેશભાઈ નેમચંદ શાહ | ૨૦૦૦૦ |
| શ્રી એ. જે. શાહ-બોરીવલી | ૩૦૦૦૦ |
| બેરિંગ એન્ડ બુશ કું | ૪૦૦૦૦ |
| શ્રી આદિશ્વર જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક તપગચ્છ સંઘ | ૫૦૦૦ |
| શ્રીમતી સોમીબેન કેશવલાલ કપાસી | ૬૦૦૦ |
| શેઠ જેશીગભાઈ ઝવેરચંદ એસ્ટેટ ટ્રસ્ટ | ૭૩૪૯ |
| ધી નેશનલ રીફાઈનરી કું. પ્રા. લિ. | ૫૦૦૦ |
| જી. ડી. શાહ ચેરિટેબલ ટ્રસ્ટ | ૫૦૦૦ |
| પ્રભાબેન સુરેશભાઈ દેવરા | ૨૨૦૦ |
| શ્રી ચંદ્રકાંત ચીમનલાલ શાહ | ૧૦૧૦૦૦ |
| શ્રી ચુનીલાલ ચંદાસ | ૬૦૦૦૦ |
| ચીમનલાલ પોપટલાલ શાહ | ૨૫૦૦૦ |

| | જીવદયા | ઘાસચારો | પક્ષીચણ | ઘાસની કા.તિથિ |
|---|---|---|---|---|
| શ્રી ભાવેશ અરવિંદભાઈ ડોસાણી | ૧૧૦૦૦ | — | — | |
| શ્રી મહેન્દ્રભાઈ લાકડાવાળા | ૧૦૦૦ | — | — | |
| શ્રીમતી સરસ્વતીબેન બાપાલાલ પોપટલાલ શાહ | ૨૫૦૦૦ | — | | |
| શ્રી જીગર યોગેશ શાહ | ૩૬૦૦૦ | — | | |
| શ્રી મુકેશ સેવંતીલાલ શાહ | ૨૫૦૦૦ | — | — | |
| શ્રી જુગલ મુકેશભાઈ શાહ | ૨૫૦૦૦ | — | — | |
| શ્રીમતી સોનલબેન રોમીભાઈ મહેતા | ૨૨૨૦ | — | | |
| શ્રી અરિહંત આરાધક ટ્રસ્ટ | ૨૧૦૦૦ | — | — | |
| શ્રીમતી આશા વિનય જૈન (દિલ્હી) | ૫૧૦૦ | — | — | |
| શાંતિલાલ ચેરિટેબલ ટ્રસ્ટ | ૧૨૫૦૦૦ | — | — | |
| સંઘવી જૈન દેરાસર પેઢી | ૧૧૦૦૦ | — | — | |
| જયા દર્શન હીરાનંદાની | — | — | ૪૫૦૦૦ | — |
| દર્શન હીરાનંદાની | — | — | — | ૨૫૦૦૦ |
| નિરંજન એલ. હીરાનંદાની | — | — | ૩૫૦૦૦ | — |
| વાડીલાલ ચુનીલાલ ચેરિટેબલ ટ્રસ્ટ | — | ૩૦૦૦૦ | — | — |
| શ્રી લખુમલ એચ. હીરાનંદાની | — | ૨૦૦૦૦૦ | — | — |

સૌજન્ય : શ્રી નિખીલ રવીન્દ્રભાઈ મોહનલાલ શાહ

# શ્રી ગૌતમસ્વામીના નામથી રિદ્ધિ-સિદ્ધિ-નવ નિધાન

૨૪મા તીર્થંકર ભગવાન શ્રી મહાવીર સ્વામીના પ્રથમ શિષ્ય ગણધર શ્રી ગૌતમ સ્વામીને દિવાળીના શુભ દિવસની પાછલી રાત્રિએ કેવળજ્ઞાન પ્રગટ્યું. એટલે નૂતનવર્ષના શુભ દિવસે વહેલી પ્રભાતે શ્રી ગૌતમસ્વામીનો રાસ ભારતભરના સકળ જૈન સંઘોમાં અપાર આનંદ-અને ઉલ્લાસથી વંચાય છે. જેને સાંભળવા સકળશ્રી સંઘના ભાઈ-બહેનો દોડી દોડીને સંવત્સરી પ્રતિક્રમણની જેમ અચૂક પધારે છે. કારણ કે તે મહામંત્ર – કલ્યાણકારી, સુખદાયી, ઋદ્ધિસમૃદ્ધિદાયી છે.

શ્રી ગૌતમસ્વામી લબ્ધિના ભંડાર હતા. તેઓના નામની ૫૦ હજાર દીક્ષાઓ થઈ છે. તે બધા જ સંયમીઓને કેવળજ્ઞાનની લબ્ધિ ગુરુશ્રી ગૌતમસ્વામીના કારણે પ્રાપ્ત થઈ છે.

શ્રી ગૌતમસ્વામી વિનયના ભંડાર હતા. તેથી જ તીર્થંકર શ્રી મહાવીર સ્વામીએ તેમના આચાર્યોને ગણવાના સર્વોચ્ચ 'સૂરિમંત્ર'ના અધિષ્ઠાયક તરીકે સ્થાપિત કરેલા છે. શ્રી મહાવીર સ્વામીએ આ સર્વોચ્ચ સન્માન પોતાના વિનયવંત શિષ્યને આપ્યું છે. આથી જ આ વાત સુપ્રસિદ્ધ બની છે કે :-

'अंगूठे अमृत वसे, लब्धितणां भंडार,
श्री गुरु गौतम समरिए, वांछित फल दातार.'

નૂતન વર્ષના મંગળ પ્રભાતે મહાકલ્યાણકારી શ્રી નવસ્મરણના સ્તોત્રપાઠની સાથે સાથે શ્રી ગૌતમસ્વામીના રાસનું વાંચન પણ સકલ શ્રી જૈન સંઘોમાં સુપ્રસિદ્ધ છે.

શ્રી ગૌતમસ્વામીનો આ રાસ શ્રી ઉદયવંત મુનિઓએ સંવત ૧૪૭૨ (આજથી) લગભગ ૬૦૦ વર્ષ પૂર્વે) ખંભાત નગરે શ્રી સ્થંભન પાર્શ્વનાથની કૃપાથી પોતાના નિર્ધનભાઈની નિર્ધનતા દૂર કરવા રચ્યો હતો.

આ વાત રાસના અંતમાં આ રીતે લખાઈ છેઃ-

निर्धनीभस्स्य निजभ्रातृः, संपत्तिसिद्धयर्थं मन्त्रगर्भितः।
गौतमरासो विहिंतः तद् गणनेन पुन धर्नवान् जातः।।

અર્થ :- નિર્ધન બનેલા મારા ભાઈને ફરી ધનવાન બનાવવા માટે મંત્ર ગર્ભિત શ્રી ગૌતમસ્વામીનો રાસ બનાવ્યો. જેનો પાઠ કરવાથી ભાઈ પાછો ધર્મવાન બન્યો.

શ્રી ગૌતમ સ્વામીના રાસમાં મંત્રગર્ભિત પદ-શ્લોક આ પ્રમાણે લખ્યો છે. (ગાથા-૫૬)

प्रणवाक्षर पहेलो पभणीजे = એટલે કે પ્રણવ અક્ષર ૐ પહેલો બોલવો.

मायाबीज श्रवण निसुणीजे = પછી માયાબીજ ह्रीं સાંભળવો.

श्रीमति शोभा संभवे ए = લક્ષ્મીની શોભા માટે શ્રી અક્ષર લખવો.

देवह धुरि अरिहंत नमीजे = પછી, દેવોમાં સર્વશ્રેષ્ઠ 'અરિહંત'ને નમવું.

विनय पहु उवज्झाय थुणीजे = પછી, વિનયમાં સર્વશ્રેષ્ઠ 'ઉપાધ્યાય'ના ગુણગાન કરવા.

इण मंते गोयम नमो एं = આ મંત્રથી 'ગૌતમસ્વામિને નમઃ' એમ નમસ્કાર કરવો.

શ્રી ગૌતમસ્વામીના રાસની આ ૫૬મી ગાથા મુજબ મંત્ર થયોઃ-

'ॐ ह्रीं अरिहंत-उवज्झाय गौतमस्वामिने नमः'

આ રાસના રચયિતા શ્રી ઉદયવંત મુનિ-રાસમાં આગળ લખે છે કેઃ- (ગાથા-૫૭)

पुर पुर वसता कांइ करीजे, देशदेशान्तर कांइ भमीजे.
कवण काजे आयास् करो!
प्रह उठी गोयम् समरी जे, काज सवि तत खण सीझे,
नवनिधि विलसे तास घरे।।

અર્થ :- તમારે દેશદેશાંતર ક્યાંય ભમવા-ભટકવાની જરૂર નથી, તમારે પીડા પામવાની કે દુઃખી થવાની કોઈ જરૂર નથી. તમે સવારે ઊઠી ગૌતમસ્વામીનું નામ લ્યો. તમારા બધા જ ઈચ્છિત કાર્યો સિદ્ધ થશે. તમારા બધા પાસા પોબાર થશે. તમારા ઘેર નવનિધિની છોળ ઉડશે.

શ્રી ગૌતમસ્વામીના બીજા એક સ્તોત્રમાં-ગીતાર્થ જ્ઞાની ગુરુ ભગવંતે સાધુઓના વિષયમાં લખ્યું છે કેઃ-

यस्याभिधानं मुनयोऽपि सर्वे, गृहणन्ति भीक्षा भ्रमणस्य काले।
मिष्टान्नपानाम्बर पूर्ण कामाः, स गौतमो यच्छतु वांछितं मे।।

અર્થ :- જેમનું નામ સર્વે મુનિઓ પણ ભિક્ષા લેવા જવાના અવસરે ગ્રહણ કરે છે. તેથી તેમને ઈચ્છિત મિષ્ટાન્ન, પાણી, વસ્ત્રની પ્રાપ્તિ થાય છે. તે ગૌતમસ્વામી મને મનવાંછિત આપો.

આ રીતે હે ભવ્યજીવો! તમે પણ શ્રી ગૌતમસ્વામીનું નામ-જાપ-સ્મરણ કરો. જેથી તેમને પણ રિદ્ધિ સિદ્ધિ-નવનિધિ સ્વરૂપ દ્રવ્ય અને ભાવ સુખ-કલ્યાણની પ્રાપ્તિ થાય એવી નૂતનવર્ષના મંગળ પ્રભાતે અભ્યર્થના.

જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

□ પં. ભુવનસુંદર વિજય મ.સા.


**શ્રી પાટણ પાંજરાપોળ** સંચાલિત આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ ● ફોનઃ(02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ પશુ આશ્રય સંકુલ (ખલીપુર)**

કાર્યાલય :મે. પ્રવીણચંદ્ર એન્ડ કું., ૨૧, ભાંગવાડી શોપિંગ આર્કેડ, કાલબાદેવી, મુંબઈ-૪૦૦ ૦૦૨. ફોનઃ૬૬૩૧૭૮૯૦-૯૯. મો.:૯૮૨૧૦૧૨૫૧૮.

અબોલ, અપંગ, આપાદગ્રસ્ત પશુઓની નિષ્ઠાપૂર્વક સેવા થાય, મૃત્યુની અંતિમ પળોએ આવા જીવોને સમાધિ અપાય ત્યારે તેમના હૈયાના અતલ ઊંડાણમાંથી આશીર્વાદની ધારા, આંખોમાં ડોકાતી પ્રેમની અમૃતધારા અને આર્તધ્યાનમાંથી બચી શૂન્યભાવનાની અંતિમ પળો પામી બંધાતા શુભ આયુષ્ય કર્મના કારણે થતી પૂણ્યની લાગણીથી સેવા કરનાર કે દાતા બની જીવનદાતા બનનાર વ્યક્તિ કે સંસ્થા સ્વ તથા પર કલ્યાણના ભોક્તા બને છે.

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા!
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

**પશુ-પક્ષીઓ માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | દૈનિક લાપસી | રૂા. ૨૧૦૦૦ |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૫૧૦૦૦ | દૈનિક ઘાસચારો | રૂા. ૧૫૦૦૦ |
| લાપસી (કાયમી તિથિ) | રૂા. ૩૧૦૦૦ | માસિક દવા ચિકિત્સા | રૂા. ૧૧૦૦૦ |
| આધાર સ્થંભ | રૂા. ૩૧૦૦૦ | કાયમી ઘાસ ફંડ | રૂા.૧૧૦૦૦ |
| | | કાયમી પક્ષી ચણ | રૂા.૫૦૦૦ |

લાભાર્થીના નામ આરસની તક્તી પર લખવામાં આવશે

લાભાર્થીના નામ તિથિને દિવસે બોર્ડ પર લખવામાં આવશે

advt

● સૌજન્ય : શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ●

# પરમ તેજે લઈ જનારું પર્વ દિવાળી

એક વર્ષની સમયયાત્રા પૂરી થઈ. દિવાળી આવી. આ તેજ પર્વની જેટલી અધિરાઈથી આપણે પ્રતીક્ષા કરીએ છીએ એટલી ભાગ્યેજ બીજા કોઈ તહેવારની કરતા હોઈશું. નવરાત્રિ બેસે છે અને દિવસ ગણાવા માંડે છે. દિવાળી આવી, દિવાળી આવી. દિવાળી એ તહેવારોનું જ એક અજાયબઘર મ્યુઝિયમ છે. ઘરનું જેમ દિવાનખાનું તેમ વર્ષનું આ તહેવારખાનું. શ્રીકાકા સાહેબે તો એને બધાય તહેવારનું સ્નેહમિલન કહીને દિવાળીને ભારે ગૌરવ આપ્યું છે. સાચે જ દિવાળી એટલે તહેવારોનું સ્નેહસંમેલન. દિવાળી ગૃહસ્થાશ્રમી તહેવાર છે. દિવાળી જનતાનો તહેવાર છે. દિવાળીને દિવસે લક્ષ્મી અને મિષ્ઠાન પ્રધાનપદ ભોગવે છે. પણ દિવાળી એટલે વર્ષનો છેલ્લો દિવસ અને છેલ્લી રાત. અમાસની ઘનશ્યામ રાત્રિ એ રાત્રે ધરતી અને આભ બંને અગણિત તારાઓથી ઝળહળી રહે છે. છલકાઈ રહે છે. આકાશના તારા શ્યામ-ઘનશ્યામ પાર્શ્વદ્ભૂમાં તેજ તેજના અંબાર જેવા ઝગમગી રહે છે. જ્યારે ધરતી પરના દીવડા એની સાથે સ્થિરતાથી સ્પર્ધા કરી રહે છે.

અમાસની રાત્રિએ ઝીણામાં ઝીણી આછી ઝબૂકતી તારલીથી માંડીને શુક્ર સુધીના સૌથી વધુ પ્રકાશતા ગૃહ કે તારલાઓને પોતાના તેજની લીલા પ્રગટાવવાનો મોકો મળે છે. લાખો તારક ઝબકારોને જે રસ દિવાળીની રાત્રિએ ઝબકી રહે છે.એનું સૌંદર્ય તો આ નરી આંખે જોવાથીય જો જાણી શકાતું હોય તો પછી મનની ભીતરની આંખે જોયેલી, માણેલી, સંસ્મરણોની દિપાવલીનુંતો વર્ણન કઈ વાણીમાં કરી શકાય. અજવાળાની એક ક્ષણના ઝબકારમાં જીવનના રહસ્યને માણવાનો અવસર એટલે દીપમાળાની વણજાર. એક દીપ બીજા દીપની જ્યોત ન પ્રગટાવે તો તેની સફર અધૂરી રહે છે. કોઈ દીપક ઓલવાઈ જતાં આપ પૂછશો કે ‘હે પ્રકાશ તું ક્યાં છો ? તો એનો જવાબ એ છે કોડિયાની ઘી માં જ તો.’ આજ રીતે પ્રભુના દર્શન પણ આપણા હૃદયમાં જ થશે. આપણા જીવનમાં ડગલે ને પગલે પ્રભુની શક્તિ જ કામ કરે છે. પ્રભુનું સ્મરણ જ આપણા જીવનમાં રહેલા ભયને દૂર કરશે અને આપણને અંધકારમાંથી પ્રકાશ તરફ દોરી જશે. બાહ્ય દૃષ્ટિથી દિવાળી એટલે દીપોત્સવ પરંતુ તાત્વિક દૃષ્ટિથી દિવાળી એ આંતરિક આરાધના છે. દીવો એ જ્ઞાનનું પ્રતિક છે. જૈન ધર્મના ૨૪માં તિર્થંકર પરમકૃપાળુ શાસન ઉપકારી **ભગવાન શ્રી મહાવીર સ્વામી**નો કલ્યાણક દિન દિવાળીના દિવસે જ આવે છે. **શ્રી મહાવીર સ્વામી**ના નિર્વાણથી આ સંસારમાં જ્ઞાન દીપ બુઝાયો પરંતુ એ વિતરાગ પરમાત્માની જ્ઞાન જ્યોતિ આખા વિશ્વમાં ફેલાઈ. એના પ્રતિક તરીકે દેવો અને માનવોએ દીપમાલા કરીને ઊજવી. જૈન ધર્મના **શ્રી ગૌતમ સ્વામી ગણધર**ને દિવાળીની રાત્રે જ કેવળજ્ઞાન થયું. ત્યારથી સર્વે જૈનો અને જૈનેતરો આ મહાન પર્વને ભારપૂર્વક ઊજવે છે.

દિવાળી એટલે ઉત્સાહ, દિવાળી એટલે પ્રેમ, દિવાળી એટલે સૌદર્ય દિવાળી એટલે માધુર્ય, દિવાળી એટલે પ્રસન્નતા. દિવાળી એટલે આનંદનું-ઉમંગનું પ્રકાશનું પર્વ. ખૂબ સાદા શબ્દોમાં કહીએ તો દિવાળી એટલે પ્રેમની ઓળખાણ કરાવી આપતું પર્વ છે. આ પર્વે બધાં જ સરખા હોય છે. સૌને ઘેર દીવડો ઝબકી ઊઠે છે. આ દિવસોમાં આનંદનું વાતાવરણ સર્વત્ર દેખાય છે. સ્મિતવદની ચહેરાઓ સુખ અને માત્ર સુખનું જ દર્શન કરાવે છે. બધાય તનમનનાં શ્રેઠ વસ્ત્રો અને અલંકારોથી સજ્જ થઈને દુનિયાની આ દિવાળી મનાવતા મનાવતા પોતાની જિંદગીનું પ્રભુ દીપ એક વર્ષ પૂરું કરે. દિવાળી એટલે ઝિંદાદિલીનું પર્વ. દિવાળી એટલે સંસ્મરણોનું, ઊજાણીનું, ‘દીવાનું પર્વ.’ દિવાલી આ બધા ઉત્સવોનું પરમ શ્રેષ્ઠ પર્વ છે. નવું વર્ષ બેસે એટલે આપણે આપણા ઘરમાં, ઑફિસમાં, દુકાનમાં, કારખાનામાં કેલેન્ડર અને પંચાંગ બદલીએ છીએ. એનો અર્થ એ કે વર્ષ બદલાયું. આપણે બધા જ જાણીએ છીએ. પણ વર્ષ બદલાતા આપણે પણ બદલાયા છીએ ખરા ? વીત્યા વર્ષમાં આપણામાં જે ખામીઓ, કમજોરીઓ હતી એ બધી એમની એમ જ રહી છે કે ? સંકલ્પ કરીને એનો અથવા એમાંની કેટલીકને દૂર કરી છે ? જો જવાબ હા હોય તો વર્ષ બદલાયું લાગશે. અને નકારાત્મક હોય તો પછી માત્ર કેલેન્ડર અને પંચાંગ જ બદલ્યું છે.

દીવડાની નાની જ્યોત અમાસ જેવા અંધકારને દૂર કરે છે. તો નવા વર્ષના સોનેરી કિરણો આખા જગતને તેજોમય બનાવે છે. નૂતન વર્ષનો આશાભર્યો શુભારંભ એટલે અંધકારનું ગમન અને ઉજાસનું આગમન. નૂતન વર્ષ એટલે જ પરિવર્તન, કેવળ સમય માત્રનું નહીં પરંતુ આત્માવલોકન દ્વારા જીવનમાં પણ આમુલ પરિવર્તનની પ્રેરણા આપતું મંગલાચરણ. જીવનમાંથી અંધકારને દૂર રાખવાની પ્રેરણા દિવાળીમાંથી જ મળે છે. તિમિરને ડર છે પ્રકાશનો. અજવાળું અંધકારનું સાચું રહસ્ય ખોળી નાંખે છે.

દિવાળીનો ઝળહળતો પ્રકાશ આપણાં સૌના જીવનમાં સ્નિગ્ધ જ્યોત પ્રસારે, આનંદનું આકાશ ઉતારે, અને પ્રસન્નતાની રંગોળી પૂરે એ આશા સાથે.

નવા વર્ષનો અરૂણોદય, નવા અરમાનો, નવી કલ્પનાઓ, નવી તાજગી અર્પે એ જ મંગલભાવના સાથે.

*આજ મુબારક...કાલ મુબારક...*
*દરિયા જેટલું વ્હાલ મુબારક.*
*નવા વર્ષનાં સાલ મુબારક.*

**□ શ્રી સુરેશ સૂરજમલ ચોધરી**


**MATRIMONIAL**

**NAME : SAUMIL DHIREN SHAH**

Father's Name : Dhiren Kantilal Shah (Kohinoorwala)
Mother's Name : Jayshree
D.O.B. : 12-03-1983
Time : 15:52
Education : B.A. (U.S.A.)
Height : 5'-10''
Native : Patan, Foflia Vado, Chaudhri Ni Sheri
Hobby : Sports, Music, Outing
Job : Consultant (Japan)
Has 1 Elder Brother (Married)
Email : jayshreedhiren@gmail.com
Contact No. : 23533761/90999919001.

Advt

# શ્રી પાટણ જૈન મંડળ પ્રોગ્રામ સમિતિ

**આયોજિત**

## શ્રી મણિલાલ લલ્લુચંદ શાહ (અતુલ ડ્રગ હાઉસ) પરિવાર

**પ્રેરિત**



# નૂતન વર્ષ સ્નેહ સંમેલન





## હાર્દિક આમંત્રણ

શ્રી પાટણ જૈન મંડળ દ્વારા પાટણના ભાઈ-બહેનો માટે, સૌ સામૂહિક રીતે સાથે મળ્યાનો આનંદ માણી શકે, તેવી શુભ ભાવનાથી મરીન ડ્રાઈવના વિશાળ પટાંગણમાં, અલ્પાહારની સુંદર વ્યવસ્થા સાથે, સંવત૨૦૬૯ના નૂતન વર્ષ સ્નેહ સંમેલનનું નીચેની વિગતે આયોજન કરવામાં આવ્યું છે. સંસ્થાના નિમંત્રણને સ્વીકારી સ્નેહ સંમેલનમાં સર્વ પરિવારોને પધારવા અમારું સ્નેહભર્યું આમંત્રણ છે.

**દિનાંક : શનિવાર, તા. ૦૯-૧૧-૨૦૧૩, કારતક સુદ – ૭**

**સમય : સાંજના ૫-૦૦ થી ૮-૦૦**

**સ્થળ : શ્રીનિકેતન વાટિકા – ગાર્ડન, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ - ૪૦૦ ૦૦૨**

**આ મંગલ અવસરે અલ્પાહાર રાખવામાં આવેલ છે**

તા. ક. : **(૧) ચૌવિહારની વ્યવસ્થા સાંજે ૫-૦૦ કલાકથી રાખેલ છે**

**(૨) નૂતન વર્ષ સ્નેહ સંમેલનના વ્યક્તિગત નિમંત્રણ કાર્ડ મોકલવામાં આવશે નહીં..**

**ખાસ નોંધ :**

**આ અવસરે પરિવાર પરિચય - ૨૦૧૩ વસતીપત્રક તેમજ અપરિણીત યુવક-યુવતીઓની 'નિમિત્ત' પુસ્તકની વિતરણની પણ અલાયદી વ્યવસ્થા કરવામાં આવશે, જેની નોંધ લેશો.**

## શ્રદ્ધાંજલિ

**સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુ:ખદ અવસાનની સખેદ નોંધ લઈ, પરિવારના દુ:ખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !**

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશાપોરવાળ | અજિતનાથની પોળ | દિલીપકુમાર માણેકલાલ શાહ | ૬૫ | મુંબઈ-અંધેરી | ૨૩-૦૯-૧૩ | ભાદરવા વદ–૦૩ |
| વિશાશ્રીમાળી | તંબોલીવાડો | સુશીલાબેન સેવંતીલાલ શાહ | ૮૬ | મુંબઈ-ખેતવાડી | ૨૭-૦૯-૧૩ | ભાદરવા વદ–૦૮ |
| વિશાઓસવાલ | ઢંઢેરવાડો | કિરીટભાઈ જયંતીલાલ શાહ | ૬૫ | મુંબઈ | ૩૦-૦૯-૧૩ | ભાદરવા વદ–૧૧ |
| વિશાશ્રીમાળી | લીમડીનો પાડો | શારદાબેન ચંદુલાલ શાહ | ૮૨ | સુરત | ૦૪-૧૦-૧૩ | ભાદરવા વદ–૦)) |
| દશાપોરવાળ | ચોધરીની શેરી | નિર્મળાબેન હિરાલાલ શાહ | ૮૨ | મુંબઈ-વાલકેશ્વર | ૦૬-૧૦-૧૩ | આસો સુદ–૦૨ |

* ચક્ષુદાન કરેલ છે. ● યુવાનીમાં રક્તદાન ● મૃત્યુ બાદ ચક્ષુદાન ● ત્વચાદાન ● અંગદાન ● દેહદાન કરો અને કરાવો

# સાભાર સ્વીકાર

**રીવોલ્વીંગ (એજ્યુકેશન) ફંડ**

૫૦૦૦૦૦ શ્રીમતી સુભદ્રાબેન રમણલાલ પોપટલાલ શાહ
શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કંપની) ચેરિટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

**શ્રી રમણલાલ પોપટલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કંપની) ચેરિટેબલ ટ્રસ્ટ હાર્ટ કેર રિલીફ ફંડ**

૩૦૦૦૦૦ શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કંપની) ચેરિટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)

**શ્રી દીપકભાઈ ચંપકલાલ ઝવેરી શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૧૦૦૦૦૦ શ્રી આશિષભાઈ દિપકભાઈ ઝવેરી (મનમોહનજીની શેરી)

**શ્રી સિધ્ધહેમ જ્ઞાનપીઠ (પાટણ) ભેટ**

૧૦૦૦૦૦ શ્રી રમણલાલ શાહ (પ્રદીપકુમાર એન્ડ કંપની) રિલીજીયસ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૧૦૦૦૦૦ શ્રી કેશવલાલ કીલાચંદ ચેરિટેબલ ટ્રસ્ટ (કુંભારીયા પાડો)
૧૦૦૦૦૦ મે. કે. સેવંતીલાલ એન્ડ કંપની (ચિતારાની ખડકી)
૧૦૦૦૦૦ મિલન જ્વેલર્સ (ઝવેરી વાડો)

**શૈક્ષણિક સહાય કોરપસ ફંડ**

૫૦૦૦૦ શ્રી મિતીનભાઈ બાલુભાઈ શાહ (કસુંબીયા પાડો)

**આર્થિક સહાય ભેટ**

૫૦૦૦ શ્રી પ્રતૃકા ચેરિટેબલ ટ્રસ્ટ-ફોર્ટ
૧૦૦૮ શ્રી પુનીતભાઈ પ્રકાશભાઈ શાહ (ચોધરીની શેરી)

**વૃધ્ધજન સહાય ભેટ**

૫૦૦૦ શ્રીમતી સુશીલાબેન સેવંતીલાલ શાહ (સુતરિયા)ના સ્મરણાર્થે (તંબોલીવાડો)

**દવા સહાય ભેટ**

૩૦૦૦ શ્રી મહેશભાઈ જેશંગલાલ શાહ
શ્રીમતી હસુમતીબેન મહેશભાઈ શાહ (ખજુરીનો પાડો)
૧૧૦૦ શ્રીમતી દીનાબેન દિલીપભાઈ રમણલાલ શાહ

## પોસ્ટ ગ્રેજ્યુએટ મેરિટ સ્કોલરશીપ

**શ્રી પાટણ જૈન મંડળ અને શ્રી કેશવલાલ કીલાચંદ ચેરીટેબલ ટ્રસ્ટ** દ્વારા સંયુક્તપણે પ્રતિવર્ષ પોસ્ટ ગ્રેજ્યુએશનનો ઉચ્ચ અભ્યાસ કરનાર, પ્રતિભાશાળી / તેજસ્વી વિદ્યાર્થી ભાઈ–બહેનોને **શૈક્ષણિક ગુણવત્તાના ધોરણે** વાર્ષિક **રૂા. ૧૦,૦૦૦/-** ની એક એવી બે પોસ્ટ ગ્રેજ્યુએટ મેરીટ સ્કોલરશીપ આપવામાં આવે છે. તદ્અનુસાર આ વર્ષે બીઝનેસ મેનેજમેન્ટ, મેડીકલ સાયન્સ, કૉમ્પ્યુટર એન્જિનિયરીંગ, આઈ.એ.એસ. અથવા ડૉક્ટરેટ પીએચ.ડી. (કોઈપણ વિષય) તેમજ આવા પ્રકારના ઉચ્ચ કક્ષાના પોસ્ટ ગ્રેજ્યુશન કોર્ષમાં ઊત્તીર્ણ થયેલા વિદ્યાર્થી ભાઈ–બહેનોને મેરીટ સ્કોલરશીપ આપવા અંગે અરજીપત્રક મંગાવવામાં આવે છે. મંડળના કાર્યાલયમાંથી આ અંગેનું ફોર્મ મેળવી સંપૂર્ણ વિગતોસહ ભરીને **તા. ૧૧– ૧૧–૨૦૧૩** સુધીમાં પરત મોકલાવી આપવા વિનંતી છે.

**પ્રસ્તુત સ્કોલરશીપ માટે, વિદ્યાર્થીઓની શૈક્ષણિક ક્ષેત્રની તેજસ્વીતાને જ પ્રાધાન્ય અપાય છે જે આપને વિદિત થાય.**

❑ **શિક્ષણ સમિતિ**

(મહાદેવાની શેરી) અઠ્ઠાઈ તપ નિમિત્તે
૧૦૦૮ શ્રી દીપેનભાઈ પ્રકાશભાઈ શાહ અઠ્ઠાઈ તપ નિમિત્તે (ચોધરીની શેરી)
૫૦૦ શ્રી મહેન્દ્રકુમાર અમૃતલાલ શાહ
સ્વ. શ્રીમતી હંસાબેન મહેન્દ્રકુમાર શાહની પ્રથમ માસિક પુણ્યતિથિ નિમિત્તે

**શિક્ષણ સહાય/વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૧૦૦૦ શ્રી બિપીનભાઈ ચીમનલાલ શાહ (અજીતનાથની પોળ)
સ્વ. શ્રી ચીમનલાલ ગભરૂચંદ શાહની ૨૯મી પુણ્યતિથિ નિમિત્તે

**વિકલાંગ ઉત્કર્ષ ભેટ**

૧૦૦૦ શ્રી મણિલાલ ગભરૂચંદ શાહ (મણીયાતી પાડો)
હસ્તે : શ્રી પ્રફુલભાઈ મણિલાલ શાહ

**હેલ્થકેર સાધન ભેટ**

૪૦૦૦ શ્રી અશોકભાઈ એ. શાહ
૨૦૦૦ શ્રીમતી રીતુબેન કેલાસભાઈ નીચાણી
૧૪૦૦ શ્રીમતી રાગેશ્રીબેન પી. ઝવેરી
૧૦૦૦ શ્રી વિજયભાઈ વેદકુમાર રોય
૧૦૦૦ ડૉ. શ્રીમતી ભાવનાબેન કે. શાહ
૧૦૦૦ શ્રી શાંતિલાલભાઈ એમ. શાહ
૧૦૦૦ શ્રી કિશોરભાઈ છોગાલાલ જૈન

## શ્રી પાટણ જૈન મંડળ

### વાર્ષિક પારિતોષિક વિતરણ સમારોહ

### તારીખમાં ફેરફાર

મંડળ દ્વારા પ્રતિવર્ષ શૈક્ષણિક ક્ષેત્રે તેજસ્વી પ્રતિભાઓનું અભિવાદન કરવામાં આવે છે. તદ્ અનુસાર આ વર્ષે એસ.એસ.સી., એચ.એસ.સી. તથા કૉલેજ ક્ષેત્રે લેવાયેલ વાર્ષિક પરીક્ષામાં ઉચ્ચ કક્ષાએ ઉત્તીર્ણ થનાર વિદ્યાર્થી-વિદ્યાર્થિનીઓને તેમજ પરફોર્મીંગ આર્ટ્સ ક્ષેત્રે ઉચ્ચત્તમ ગુણવત્તા પ્રાપ્ત કરનાર કલાકારો અને વર્ષ દરમ્યાન **'પાટણ પ્રતિબિંબ'**માં પ્રકાશિત થયેલી કૃતિઓમાંથી પસંદગી પામેલ શ્રેષ્ઠ કૃતિઓના લેખક ભાઈ-બહેનોનું **શ્રી નેમચંદ જેશીંગલાલ શાહ (ગુંદરવાલા)** સાહિત્ય પારિતોષિક એનાયત કરી અભિવાદન કરવા માટેના સમારંભનું આયોજન નીચેની વિગતે કરવામાં આવ્યું છે.

**દિનાંક :** રવિવાર, તા. ૨૪-૧૧-'૧૩
**સમય :** સવારે ૯-૪૫ કલાકે.
**સ્થળ :** શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ
૭૭, પાટણ જૈન મંડળ માર્ગ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૪૦૦ ૦૨૦

આ સમારંભમાં ઘણા વિદ્યાર્થીઓએ ઈનામ મેળવવા અંગેનું ફોર્મ ભરેલ છે, છતાં કોઈક વિદ્યાર્થીનું ફોર્મ ભરવાનું રહી ગયેલ હોય તો, તેવા વિદ્યાર્થીઓએ ઉપરોક્ત અભ્યાસક્રમ અંગેના છેલ્લી વાર્ષિક પરીક્ષાના પરિણામની ઝેરોક્ષ નકલ સાથે ફોર્મ ભરીને **તા. ૧૧-૧૧-૨૦૧૩ સુધીમાં મંડળના મુખ્ય કાર્યાલયમાં મોકલાવી આપવું.**

❑ **શ્રી પાટણ જૈન મંડળ**

**ખાસ નોંધ : અગાઉ તા. ૨૭-૧૦-૨૦૧૩ ના જાહેર થયેલ કાર્યક્રમ હવે ઉપર જણાવેલ તારીખે રાખેલ છે. જેની નોંધ લેશોજી.**

PATAN PRATIBIMB ● OCTOBER 2013 ● PRICE Rs. 2/- ● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th & 26th of every month. Regd. No. MH / MR/ South–135 / 2012–14
Published on 15th of every month

SHREE PATAN JAIN MANDAL

## SAMAJ VIKAS FUND

### EDUCATION SAHAY CORPUS FUND

SEVANTILAL KANTILAL TRUST — Rs. 80 LACS

### SAMAJ VIKAS CORPUS FUND

SMT MINABEN & SHRI NITINBHAI JAYANTILAL GABHRUCHAND SHAH & FAMILY USA (Khetarvasi) — $ 1 LAC

- Babu Panalal Poonamchand Charitable Trust, Khajurino Pado
- Babu Saheb Nanakchandji Pooranchandji Trust, Khajurino Pado
- Babu Jivanlal Panalal Trust, Khajurino Pado
- Smt. Gunvantiben Pravinchandra Keshrichand Shah, Dhandhervado
- Smt. Hasumatiben Rameshchandra Bapulal Shah, By : Shrimati Moniakben Sanjaybhai Shah, Dank Mahetano Pado
- Shri Harsukhlal Bapulal Shah and Shrimati Rasilaben Harsukhlal Shah, By : Shri Nirmalbhai, Shri Anilbhai, Shri Jayeshbhai & Shri Shirishbhai, Lakhiyar Vado/Kanasano Pado
- Smt. Gulabben Ramanlal Shah, Vakhatjini Sheri By : Shri Hitenbhai Pravinchandra Shah
- Late Shri Pramodbhai Bhogilal Jhaveri (Sayba), (Chodhrini Sheri) By : Smt. Maltiben, Smt. Falguniben & Shri Devangbhai Jhaveri
- Shri Mafatlal Chudghar Charitable Trust, Chodhrini Sheri
- Smt. Kusumben Rasiklal Himatlal Shah, Dank Mahetano Pado By : Shrimati Kalpnaben, Shrimati Ashaben, Shrimati Meetaben
- Smt. Nirmalaben Ravindrabhai Mohanlal Shah, Khajurino Pado
- Shri Virendrabhai Popatlal Shah, Mallatno Pado
- Smt. Subhadraben Ramanlal Shah Charitable Trust, Kumbharia Pado
- Shri Deepakbhai Champaklal Jhaveri (Manmohanjini Sheri)By: AashishJhaveri
- Shri Kirtilal Somchand Shah, Kokano Pado
- Smt. Hansaben Rameshchandra Popatlal Shah, By : Shri Jitenbhai, Kanasano Pado
- Smt. Vasumatiben Sevantilal Shah, Chitarani Khadki
- Smt. Premlataben & Shri Pratapbhai Punamchand Jaswa (Kasumbia Vado)
- Smt. Lilavatiben Panalal Manilal Shah, Vasavado
- Late Shri Balubhai Chhotalal Shah, By : Smt. Hansaben, Khadakhotdi no Pado
- Shri Rameshchandra Chhabildas Zaveri, Manmohanjini Sheri
- Shri Hemantbhai Kantilal Salvi, Salvi Vado
- Shri Shantilal Rikhavchand Shah, Kokano Pado
- Shri Navinbhai Nemchandbhai Shah (Gunderwala), Vasupujyani Sheri
- Shri Navinchandra Khubchand Shah, Dhandhervado
- Smt. Pushpaben Sevantilal Shah, Dank Mahetano Pado
- Shri Sudhirbhai Navinchandra Shah, Marfatiya Mahetano Pado
- Shri Mahasukhlal Keshavlal Shah, By: Shri Pankajbhai, Shri Rohitbhai, Shri Bharatbhai (Marfatiya Mahetano Pado)
- Shri Sureshbhai Chimanlal Choksi, Zaveri Vado
- Shri J. K. Shah, Bhabhano Pado
- Shri Rakeshbhai Kantilal Shah-Chowpatty. In Memory of Smt. Geetaben Rakeshbhai Shah
- Late Shri Sevantilal Chhaganlal Shah By: Shri Sharadbhai and Shri Harshadbhai (Tamboli Vado)
- A Well-Wisher
- Shri Shirishbhai Mafatlal Shah, Panchoti Pado
- Shri Vinodbhai Hiralal Shah (Ladiwala), Kanasano Pado
- Smt. Vimlaben Bhogilal Shah (Jafujiwala), Tamboli Vado
- Smt. SushilabenVarjivandas Shah, Khajurino Pado
- Shri Sureshbhai Shantilal Shah, Kokano Pado

## LAND AND BUILDING FUND

**Late Smt. Gitaben Rakeshbhai Shah - Rs. 2 Crores**

## *REVOLVING FUND : Target Rs. 5 Crores*

**To provide interest free Educational Loan**

| DONOR | Donation In 5 Yrs. |
|---|---|
| **Smt. Subhadraben Ramanlal Popatlal Shah,** Kumbhariya Pado | Rs. 25 Lakhs |
| **Smt. Bhagwatiben Vinodbhai Matlivala,** Kanasano Pado by Shri Daneshbhai, Shri Bhagyeshbhai, Shri Sukeshbhai, Shri Dhirenbhai | Rs. 25 Lakhs |
| **Babu Panalal Punamchand Charitable Fund,** Khajurino Pado | Rs. 15 Lakhs |
| **Dr. Mahendrabhai Chandulal Shah & Dr. Lilaben M. Shah,USA (Lakhiar Wado)** | Rs. 10 Lakhs |
| **Late Smt. Jasudben Jamnadas Jhaveri & Late Jamnadas Umedchand Jhaveri (Dhandher Wado)** By Late Saraswatiben Jamnadas Jhaveri through her will | Rs. 10 Lakhs |
| **Smt. Kanchanben Kantilal Jhaveri** (Maniyati Pado) by Smt. Neenaben, Smt. Kalpanaben. | Rs. 5 Lakhs |
| **Shri Keshavlal Kilachand Charitable Trust Kumbharia Pado** | Rs. 5 Lakhs |
| **Smt. Gulabben Chimanlal Valamji Choksi** By Smt. Vinaben Sureshbhai Choksi (Zaveri Vado) | Rs. 5 Lakhs |
| **Dr.Smt. Kunjbalaben & Dr. Vijaybhai Jayantilal Patni** (Manmohanji ni Sheri) | Rs. 5 Lakhs |
| **Smt. RohinibenVikrambhai Shah**(Dank Mehtano Pado) (In her Memory) By Shri Ronakbhai, Smt. Darshnaben, Shri Shrenikbhai & Smt. Komalben | Rs. 5 Lakhs |
| **Late Smt. Kamalaben & Shri Kantilal Prabhudas Jhaveri** (Dhandher Vado) By Shri Samir Chandrakant Jhaveri | Rs. 5 Lakhs |
| **Late Smt. Kusumben Vrajlal Shah & Vrajlal Jesinglal Shah** (Jafujiwala) (Tamboli Vado) | Rs. 5 Lakhs |
| **Smt. Taraben Sevantilal Nathalal Khandwala** (Keshu Sheth no pado) By Shri Kandarpbhai | Rs. 12 Lakhs |

## MEMORIAL FUND

| Name of the donor | Amount of donation |
|---|---|
| ● Smt. Pannaben Kapoorchandbhai Sonawala, Manmohanjini Sheri | Rs. 8 Crores |
| ● Smt. Nirmalaben (Deviben), Shamlaji ni Sheri. In memory of Late Shri Dhirajlal Popatlal Shah | Rs. 10 Lakhs |

The donors donating in **MEMORIAL FUND** through their will -- it can be utilised for special activities of the **MANDAL**

TO,

Edited,Printed & Published by MAHENDRA NEMCHAND SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400 027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.